البلاغ
AL-BALAG MONTHLY



જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર

# અલ-બલાગ

## માસિક

ઓગષ્ટ-૨૦૧૯


માનદ તંત્રી
**અહમદ ચાકૂબ પટેલ**
મુહતમિમ :
જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## સુચના

ગ્રાહકોની સેવામાં અલબલાગ નિયમિત સ્વરૂપે જામિઅહ ખાતેથી રવાના કરવામાં આવે છે. આમ છતાં અમુક ગ્રાહકોને અલબલાગ મળતું ન હોવાની ફરિયાદ આવે છે. માટે ગ્રાહકોને વિનંતી કે પ્રથમ અલબલાગ ન મળવાની એક લેખિત ફરિયાદ સ્થાનિક પોસ્ટ ઓફિસમાં કરીને પછી અમને જાણ કરવામાં આવે. ઈન્શાઅલ્લાહ ફરીવાર અલબલાગ આપને રવાના કરવામાં આવશે.

*અનુક્રમણિકા*


| | |
|---|---|
| તંત્રી લેખ | ૩ |
| વિખવાદ વિશેના ઈસ્લામી ઉપાય | ૫ |
| મઆરિફુલ હદીસ | ૯ |
| મુરબ્બીઓનું આજ્ઞાપાલન | ૧૩ |
| મવ. અબુલ કલામ આઝાદ રહ. | ૧૭ |
| ભારત ખાતર મુસ્લિમોનું બલિદાન | ૨૦ |
| દેશની આઝાદી અને ઉલમાએ | ૨૨ |
| ૧૫ ઓગસ્ટ, સ્વતંત્રતા દિવસ | ૨૭ |
| ફતાવા વિભાગ | ૩૦ |
| બોધકથા – ૯૬ | ૩૪ |
| History and Philosophy of Sacrifice ( QUR-BAA-NEE ) | ૩૫ |
| એ ખાકે વતન ! | ૩૮ |



**અલ બલાગ**

*માસિક*

*માનદ તંત્રી :*

***મુફતી અહમદ દેવલ્વી***

*ઓગસ્ટ – ૨૦૧૯ ઈ.*

*ઝીલ્હજ – ૧૪૪૦ હિ.*

*વર્ષ – ૧૯, અંક – ૬*

*વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦*

*છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.*

https://www.jamiahjambusar.in/Al__Balag.php

# મેરા વતન વહી હે

| |
|---|
| ચિશ્તીને જિસ ઝમીં મેં પૈગામે હક સુનાયા |
| નાનકને જિસ ચમનમેં વહદત કા ગીત ગાયા |
| તાતારિયોંને જિસ કો અપના વતન બનાયા |
| જિસને હિજાઝિયોં સે દશ્તે અરબ છુળાયા |
| મેરા વતન વહી હે મેરા વતન વહી હે |
| |
| યુનાનિયોં કો જિસ ને હૈરાન કર દિયા થા |
| સારે જહાં કો જિસ ને ઈલ્મો હુનર દિયા થા |
| મિટ્ટી કો જિસ કી હકને ઝર કા અષર દિયા થા |
| તુર્કોં કા જિસ ને દામન હીરોં સે ભર દિયા થા |
| મેરા વતન વહી હે મેરા વતન વહી હે |
| |
| ટૂટે થે જો સિતારે ફારિસ કે આસ્માં સે |
| ફિર તાબ દે કે જિસને ચમકાયે કહકશાં સે |
| વહદતકી લય સુની થી દુનિયાને જિસ મકાં સે |
| મીરે અરબ કો આઈ ઠંડી હવા જહાં સે |
| મેરા વતન વહી હે મેરા વતન વહી હે |
| |
| બંદે કલીમ જિસ કે પરબત જહાં કે સીના |
| નૂહે નબી કા આકર ઠેહરા જહાં સફીના |
| રફઅત હે જિસ ઝમીં કી બામે ફલકકા ઝીના |
| જન્નત કી ઝિંદગી હે જિસ કી ફિઝા મેં જીના |
| મેરા વતન વહી હે મેરા વતન વહી હે |

*—— અલ્લામહ ઈકબાલ રહ.*

તંત્રી સ્થાનેથી...

હજ અને કુરબાનીના દિવસો આવી રહયા છે. માલદારોએ એમની ફરજ અદા કરવાના આ દિવસો છે. હજમાં પણ અને કુરબાનીમાં પણ. માણસ પોતાના શોખ ખાતર બે હાથે ખર્ચ કરે છે, એવી જ રીતે ફૂજૂલખર્ચીથી બચીને આ ઈબાદતો પણ સારી રીતે અદા થાય એ હેતુએ પૂરો ખર્ચ કરવાની નેમ રાખવી જોઈએ.

અલબત્ત આપણા સમાજમાં ઈબાદતના આવા નેક અવસરોએ પણ અમુક બદીઓ અને રિવાજો વધી રહયા છે. એ ચિંતાનો વિષય છે.

પહેલાં લોકો વધુ પડતા ગરીબ હતા, પણ જહાલતના કારણે દીન અથવા સામાજિક જવાબદારી સમજીને રિવાજો પાળતા હતા. હવે થોડી ઘણી દીની જાણકારી અને જાગૃતિ આવી છે, રિવાજોને દીની બાબત તો નથી સમજતા, પણ સામાજિક, કોટુંબિક પરંપરાના બહાને, અથવા માલદારીનો ભપકો દેખાડવા અથવા કોઈ અન્ય દબાણને બહાને લોકો કુરબાની અને હજના નામે ઘણા બધા ગેરજરૂરી કામો કરે છે. જેના લઈને આ બન્ને ઈબાદતો અઘરી થતી જાય છે. હજમાં તો લેવા – દેવાના રિવાજના કારણે ખર્ચ દોઢો કે ડબલ થઈ જાય છે. કુરબાનીનો બુનિયાદી મકસદ માણસ દ્વારા પોતાની પ્યારી વસ્તુ (માલ – જાનવર)ને અલ્લાહના આદેશ મુજબ ખર્ચ કરવાનો અને ગોશ્ત વડે સગાઓ – ગરીબોને પોતાની સાથે શામેલ કરવાનો છે. આ બન્ને મકસદો હવે ગૌણ બની રહયા છે. ઘણા ખરા લોકો બકરાની કુરબાની કરીને ઈબાદત કરવા ચાહે છે, પણ ગોશ્ત બધો પોતે જ ભરી લે છે. તો ઘણા ખરા લોકો કુરબાનીના ગોશ્તના બે જ ભાગ કરે છે, એક પોતે રાખી મુકે છે અને બીજો ભાગ સગાઓમાં વહેંચી દે છે. આમ ગરીબોની બાદબાકી થઈ જાય છે.

ખૈર.... સમાજમાં આવા ઘણા દુષણો છે. પણ સાથે જ ઘણી ખૂબી અને નેકીઓ પણ છે. ઓછા વધતા પ્રમાણમાં ખરાબીઓ હોય જ.. એ બધા સમજે છે. પણ માણસ ઈરાદાપૂર્વક કોઈ ખોટા રિવાજમાં ન સપડાય એટલે અુમક વાતો તરફ અત્રે ઈશારો કરી રહયા છે.

એક ખરાબી આ પણ આવી ગઈ છે કે લોકો હિસ્સા વાળી કુરબાનીમાં

પોતાનો ભાગ લખાવીને બાજુ પર હટી જાય છે. હિસ્સા વાળી કુરબાની બેશક દુરુસ્ત છે. અમુક લોકો જેમના ઉપર કુરબાની વાજિબ હોય, પણ આખા બકરા કે મોટા જાનવરની કુરબાની કરવાથી ખર્ચ વધી જતો હોય, એવા લોકોને હિસ્સાવાળી કુરબાનીમાં આસાની રહે છે. મોટા શહેરોમાં વસતા અથવા વિદેશમાં વસતા અમુક લોકો ચાહવા છતાં પોતાના હાથે કુરબાની નથી કરી શકતા, એવા લોકોને પણ હિસ્સાવાળી કુરબાનીમાં આસાની રહે છે. પણ સમાજના વધુ પડતા લોકો કુરબાનીની આ રીત અપનાવી લે તો એમાં કુરબાનીની અસલ રૂહ ખતમ થઈ જાય છે. શહેરો અને ગામડાઓમાં પણ અમુક વિસ્તારોમાં ઈદના દિવસોમાં પણ કુરબાનીનો ગોશ્ત પહોંચતો નથી, એવી શિકાયત દર વરસે સામે આવે છે. માટે જે લોકો પોતાના ૭ કે વધારે હિસ્સા કોઈ મદરસા કે અંજુમનને લખાવે છે તેઓ એટલી રકમ ગામ કે શહેરના આવા વિસ્તારોના યોગ્ય માણસને આપી દે તો ત્યાં કુરબાની થઈ શકે છે. દૂરના વિસ્તારોમાં કુરબાની કરાવતા મદરસાઓ અને અંજુમનો આસપાસના ગામડાઓમાં પણ આવી કુરબાનીઓ પહોંચાડે એ જરૂરી છે.

*આવા લોકો પોતે ફિકર કરીને મદરસાઓ અને અંજુમનોનો સંપર્ક કરે અને એમની પાસેથી જાનવર લઈને કે પૈસા લઈને જાનવર ખરીદીને વિશ્વાસપાત્ર રીતે કુરબાની કરીને પોતાના વિસ્તારમાં ગોશ્ત વહેંચવાની વ્યવસ્થા કરે એ પણ આવશ્યક છે. ફકત કુરબાની કરનાર માલદારો કે સંસ્થાઓને દોષ દેવો પણ ખોટો છે.*

બહર હાલ, આ એક સામુહિક જવાબદારી છે. બધાએ ભેગા મળીને એવી રીતે આ ઈબાદત કરવાની છે કે ઈબાદતનો મકસદ પણ પૂરો થાય, દરેક સુધી એનો ફાયદો પહોંચે અને સમાજના ગરીબોને મહરૂમ રહી જવાની શિકાયત ન રહે.

જામિઅહ જંબુસર થકી પણ હિસ્સાવાળી કુરબાનીની વ્યવસ્થા કરવામાં આવે છે. અને જંબુસરની આસપાસના ગરીબ ગામડાઓમાં પણ ભરોસાપાત્ર યોગ્ય માણસોને જાનવર આપવામાં આવે છે, જેથી તેઓ પણ કુરબાનીના ગોશ્તનો લાભ ઉઠાવી શકે.

# ઊંચ-નીચ અને પરસ્પરનો વિખવાદ ખતમ કરવાના ઇસ્લામી ઉપાય

– મુફતી ફરીદ અહમદ કાવી

بسم اللہ الرحمن الرحیم

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ حَقَّ تُقٰتِهٖ وَلَا تَمُوْتُنَّ اِلَّا وَاَنْتُمْ
مُّسْلِمُوْنَ۝۱۰۲ وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا وَّلَا تَفَرَّقُوْا ۠ وَاذْكُرُوْا
نِعْمَتَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ كُنْتُمْ اَعْدَاۗءً فَاَلَّفَ بَيْنَ قُلُوْبِكُمْ
فَاَصْبَحْتُمْ بِنِعْمَتِهٖٓ اِخْوَانًا ۚ وَكُنْتُمْ عَلٰي شَفَا حُفْرَةٍ مِّنَ النَّارِ
فَاَنْقَذَكُمْ مِّنْهَا ۭ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ لَعَلَّكُمْ
تَهْتَدُوْنَ۝۱۰۳ وَلْتَكُنْ مِّنْكُمْ اُمَّةٌ يَّدْعُوْنَ اِلَى الْخَيْرِ وَيَاْمُرُوْنَ
بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ ۭ وَاُولٰۗىِٕكَ ھُمُ الْمُفْلِحُوْنَ۝۱۰۴ وَلَا
تَكُوْنُوْا كَالَّذِيْنَ تَفَرَّقُوْا وَاخْتَلَفُوْا مِنْۢ بَعْدِ مَا جَاۗءَھُمُ
الْبَيِّنٰتُ ۭ وَاُولٰۗىِٕكَ لَھُمْ عَذَابٌ عَظِيْمٌ۝۱۰۵ يَّوْمَ تَبْيَضُّ وُجُوْهٌ
وَّتَسْوَدُّ وُجُوْهٌ ۚ فَاَمَّا الَّذِيْنَ اسْوَدَّتْ وُجُوْھُھُمْ ۣ اَكَفَرْتُمْ بَعْدَ
اِيْمَانِكُمْ فَذُوْقُوا الْعَذَابَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ۝۱۰۶ وَاَمَّا الَّذِيْنَ
ابْيَضَّتْ وُجُوْھُھُمْ فَفِيْ رَحْمَةِ اللّٰهِ ۭ ھُمْ فِيْھَا خٰلِدُوْنَ۝۱۰۷ تِلْكَ
اٰيٰتُ اللّٰهِ نَتْلُوْھَا عَلَيْكَ بِالْحَقِّ ۭ وَمَا اللّٰهُ يُرِيْدُ ظُلْمًا لِّلْعٰلَمِيْنَ۝۱۰۸
وَلِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَمَا فِي الْاَرْضِ ۭ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ۝۱۰۹

હે ઇમાનવાળાઓ ! અલ્લાહથી ડરો, એનાથી ડરવાના હક મુજબ. અને મુસલમાન હોવાની સ્થિતિ સિવાય બીજી કોઇ હાલતમાં મરશો નહિ. (૧૦૨) અને બધા ભેગા મળીને અલ્લાહની રસ્સીને મજબૂત પકડી રાખો અને છૂટા ન પડો. અને પોતાના ઉપર અલ્લાહનું આ ઇનામ યાદ રાખો, કે જ્યારે તમે દુશ્મન હતા, ત્યારે અલ્લાહે તમારાં દિલોને જોડી દીધાં.પછી તમે એની મહેરબાનીથી ભાઇ ભાઇ બની ગયા. અને તમે દોઝખના એક ખાડાને કિનારે ઉભા હતા, ત્યારે એનાથી તમને બચાવી લીધા. આવી જ રીતે અલ્લાહ તઆલા તમારી સામે એના હુકમો સ્પષ્ટ રીતે વર્ણવે છે, જેથી તમને સીધી રાહ મળે. (૧૦૩) અને આવશ્યક છે કે તમારામાં એક જમાઅત એવી ઉપસ્થિત રહે, જે નેકી માટે બોલાવતી રહે અને ભલાઈનો

હુકમ કરતી રહે તેમજ બુરાઈથી રોકતી રહે, અને આ સંપૂર્ણ કામ્યાબ આ લોકો જ છે. (૧૦૪) અને તે લોકોની જેમ ન બનશો જેઓ ખુલ્લી નિશાનીઓ એમની સામે આવી ગયા પછી છુટા પડી ગયા અને વિરોધ કરવા લાગ્યા, અને આ લોકો માટે જ તો મહાન અઝાબ છે. (૧૦૫) જે દિવસે કેટલાંક ચહેરાઓ ઉજળા હશે અને કેટલાક કાળા હશે. પછી જેમના ચહેરા કાળા થઈ ગયા હશે (એમને કહેવામાં આવશે) કે તમે ઈમાન લાવ્યા પછી શીદને કાફિર થયા હતા ? તો પછી તમારા કુફ્રના કારણે અઝાબની મઝા ચાખો. (૧૦૬) અને જે લોકોના ચહેરા ઉજળા થયા હશે, તેઓ અલ્લાહની રહમતમાં હશે, તેઓ તેમાં હમેંશા રહેશે. (૧૦૭) આ અલ્લાહની આયતો (હુકમો) છે, જે અમે તમારી સમક્ષ બરાબર પઢી સંભળાવીએ છીએ અને અલ્લાહ તઆલા દુનિયાવાળાઓ ઉપર જુલ્મ કરવા નથી ચાહતા. (૧૦૮) અને અલ્લાહની જ માલિકી છે, જે કંઇ આસમાનો અને જે કંઈ જમીનમાં છે અને અલ્લાહ સામે જ બધી બાબતો રજૂ થાય છે. (૧૦૯)

અગાઉની આયતોમાં વર્ણન હતું કે તમારા માંહે રસૂલ છે, તમે કુરઆન પઢો છો, પછી કેમ કરી ઈસ્લામ છોડી શકો ? તમારે તો મુસલમાન બનીને રહેવાનું છે, એ જ બાબત આયત ૧૦૨ માં કહેવામાં આવી છે કે અલ્લાહ તઆલાથી ડરતા રહો, અને આખું જીવન ઈસ્લામ ઉપર જીવીને મુસલમાન હોવાની હાલતમાં જ મરવાનું છે.

આ બધી આયતોનું મુળ જે ઘટના હતી એનું વર્ણન અગાઉ આવી ગયું છે કે એક યહૂદીની ચાલમાં આવીને મુસલમાનો અંદરોઅંદર લડી પડયા હતા અને શકય હતું કે બધા લડવા મરવા અને અદાવતમાં ઈસ્લામથી દૂર થઈ જાય, એટલે મુસલમાનોને ચેતવવામાં આવ્યા. આ જ અનુસંધાને આગળની આયત ૧૦૩ માં કહેવામાં આવ્યું કે, બધા ભેગા મળીને અલ્લાહ તઆલાની રસ્સી એટલે કે કુરઆન અને નબીના આદેશોને પકડી રાખો, પરસ્પર વિવાદ ન કરો. અને પોતાની પાછલી સ્થિતિ અને વર્તમાન હાલતને યાદ કરો. પહેલાં તમે બધા અંદરોઅંદર લડતા હતા, એકબીજાના

દુશ્મન હતા. પછી અલ્લાહ તઆલાએ તમારા બધા વચ્ચે એવી મુહબ્બત પેદા કરી દીધી કે તમે ભાઈ – ભાઈ બની ગયા.

હિજરત પછી મદીનામાં બધા જ સહાબા સગા ભાઈઓની જેમ એકબીજાથી મુહબ્બત કરતા હતા. તેઓ પોતે એમના સ્વભાવમાં જે લડાયક વૃતિ અને અદાવતની આદત હતી એ જાણતા હતા, એને સામે રાખીને અલ્લાહ તઆલાએ એમને યાદ અપાવ્યું કે તમે વિચારો ! તમામાં પરસ્પર બંધુત્વની મુહબ્બત કયાંથી આવી ? એ અલ્લાહ તઆલાની નેઅમત છે. આવી જ રીતે સમજો કે તમે તમારા ગુનાહો, કુફ્ર – શિર્કના સબબ જહન્નમના કિનારે પહોંચી ગયા હતા, અને અલ્લાહ તઆલા છેક ત્યાંથી તમને બચાવી લાવ્યા. હવે લડવા – મરવા અને અદાવતમાં પાછા ત્યાં જવા માંગો છો ? એ ખોટું છે.

અને હવે પછી આમ પરસ્પર વિવાદ ન થાય એનો ઉકેલ આ છે કે મુસલમાનો માંહે અમુક લોકોની એક જમાત એવી હોય જેનું મુખ્ય કામ જ સમાજના લોકોને સાચી રાહનું માર્ગદર્શન આપવાનું હોય. દીનના હુકમો અને કેળવણીને લોકો સુધી પહોંચાડવાની મહેનત કરતા હોય. આમ કરવાથી લોકો ઈસ્લામની તાલીમ – તબ્લીગ પણ થશે અને પરસ્પર વિવાદથી પણ બચી જવાશે. કુરઆનની આ આયતોમાં આ કાર્યને 'અમ્ર બિલ મઅરૂફ' અને 'નહી અનિલ મુન્કર' કહેવામાં આવ્યું છે. એટલે કે સારા – ભલા કામોનો આદેશ અને પ્રેરણા આપવી અને બુરા – ગુનાના કામોથી લોકોને રોકવા અને ટોકવા.

મઆરિફુલ કુરઆનમાં છે : કુરઆન અને હદીસથી માલૂમ પડે છે કે અમ્ર બિલ મઅરૂફ અને નહી અનિલ મુન્કર ઉમ્મતના દરેક વ્યકિત ઉપર ફરજ છે. અલબત્ત શરીઅતના અન્ય હુકમોની જેમ દરેક માણસ ઉપર એની શકિત મુજબ આ હુકમ લાગુ પડે છે. ઉપરાંત આ કામ કરવા માટેની કાબેલિયત પણ માણસમાં હોવી જોઈએ. જે માણસને મઅરૂફ – મુન્કરની ઓળખ ન હોય, અને હોય તો અન્યોને એ બાબતે માર્ગદર્શન આપવાની આવડત ન હોય, અને તે આ બધું કરવા માંડે તો વધારે

નુકસાન થશે.

આટલું સ્પષ્ટ માર્ગદર્શન નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને કુરઆન મારફત તમને આપવામાં આવ્યું છે. તો હવે પછી યહૂદીઓ – ઈસાઈઓ જેમ તમે ન બનશો. કે એમને પણ અલ્લાહ તઆલાએ સ્પષ્ટ આદેશો – માર્ગદર્શન આપ્યું હતું છતાં તેઓ પરસ્પરના વિવાદ અને વિખવાદમાં ફસાઈ ગયા.

આવા યહૂદીઓ, ઈસાઈઓ અને મુનાફિકોને અલ્લાહ તઆલા કયામતના દિવસે મોટો અઝાબ આપશે. આ દિવસે નેક અને મોમિન લોકોના ચહેરા ઉજળા હશે અને આવા ગુનેગાર લોકોના ચહેરા કાળા હશે. અને અલ્લાહ તઆલા નારાજ થઈને એમને કહેશે કે તમે પોતાની કિતાબ તવરાત કે ઈન્જિલ ઉપર ઈમાન લાવીને પછી કેમ કાફિર થઈ ગયા ? મોઢેથી ઈમાનના શબ્દો બોલ્યા પછી કેમ કુફ્રના કામો કરવા માંડયા ? માટે આ કુફ્ર અને ઈન્કારના કારણે તમને અઝાબ આપવામાં આવી રહયો છે, એને ચાખો અને ભોગવો.

મોમિન અને નેક લોકો આ દિવસે અલ્લાહ તઆલાની રહમત માણશે અને સદાને માટે એની રહમતમાં જ રહેશે.

આ બધું અલ્લાહ તઆલાની આયતો અને આદેશો છે. આસમાન અને જમીનની સલતનત પણ બધી એની છે. સર્વસ્વ એનું છે. અને બધાએ એની પાસે જવાનું છે તો તો અલ્લાહ તઆલાના આદેશ ઉપર અમલ કરવો જરૂરી છે. જે નહીં કરે એને અઝાબ અને સજા આપવી જ ન્યાયની વાત છે. સજા આપીને અલ્લાહ તઆલા ઝુલમ નથી કરતા.

મુસલમાનોના દીન અને મઝહબને નુકસાન કરે એવા અંદરોઅંદરના વિખવાદથી બચવાના ત્રણ મોટા ઉપાયો ઉપરોકત આયતોમાં દર્શાવવામાં આવ્યા છે. (૧) અલ્લાહ તઆલાથી ડરવું અને તકવો અપનાવવો. (૨) પરસ્પર એકતા અને સંપ જાળવો. (૩) સમાજના લોકો પરસ્પર નેકી અને સારા કામોની એકબીજાને પ્રેરણા – તરગીબ આપે અને બુરાઈ થતી જુએ તો એને શકિત મુજબ રોકવા – ટોકવાનો પ્રયત્ન કરે. ● ●

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

***અનુવાદ*** *: મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૩૪

## જુમ્અહ અને ઈદૈન

***ખાસ સામુહિક નમાઝો જે ઉમ્મતેમુસ્લિમની નિશાની છે.***

રાત દિવસની પાંચેવ ફરજ નમાઝો જેને જમાઅત સાથે પઢવાનો હુકમ છે. તેમના સિવાય તે સુન્નતો અને નફિલો જે અલગ અલગ પઢવામાં આવે છે. તે સઘળી નમાઝો બાબત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના કથનો અને મામૂલ પહેલા વર્ણન થઈ ચુકયા, તે સિવાય અમૂક નમાઝો બીજી છે જે માત્ર સામુહિક રીતે જ પઢી શકાય છે. અને તે નમાઝો તેમની ખાસ સિફત અને અનોખી શાનના કારણે આ ઉમ્મત માટે નિશાની રૂપ છે. તેમાંથી એક જુમ્આની નમાઝ છે. જે અઠવાડીક છે. અને ઈદુલફિત્ર, તેમ ઈદુલઅદહાની નમાઝો, જે વર્ષમાં એકવાર પઢવામાં આવે છે. પાંચ વખતની ફરજ નમાઝોને જમાઅતથી પઢવામાં જે મસ્લેહતો અને ફાયદાઓ છે. (જેનો ઉલ્લેખ તેમની જગ્યાએ થઈ ચુકયો છે.) તે બધા જ ફાયદાઓ વધુ પઢતા જુમ્આ અને ઈદોની નમાઝોથી પણ પ્રાપ્ત થાય છે. તે સિવાય બીજી અમૂક મસ્લેહતો અને હિકમતો પણ છે. જે માત્ર આ અઠવાડીક અને વાર્ષિક સામુહિક નમાઝો સાથે જ સંકળાયલી છે. પહેલાં જુમ્આની નમાઝ વિષે અમૂક ઈશારાઓ કરવામાં આવે છે. આશા છે કે એ બાબતની હદીષોનો હેતુ અને મકસદ સમજવામાં ઈન્શાઅલ્લાહ વાંચકોને મુખ્ય માર્ગદર્શન મળશે.

દરરોજ પાંચ વખતની નમાઝોની જમાઅતમાં એક મર્યાદિત વર્તુળ એટલે મહોલ્લાના જ મુસ્લિમો ભેગા થઈ શકે છે. જેથી અઠવાડીયામાં એક દિવસ એવો રાખવામાં આવ્યો, જેમાં આખા શહેર અને વિવિધ મહોલ્લાઓના મુસ્લિમો એક ખાસ નમાઝ માટે શહેરની એક મોટી મસ્જિદમાં ભેગા થઈ જાય, અને એવા

સંમેલન માટે ઝોહરનો સમય જ વધુ યોગ્ય હતો, જેથી તે જ નક્કી કરવામાં આવ્યો, અને ઝોહરની ચાર રકાતને બદલે જુમ્આની નમાઝ માત્ર બે રકાત રાખવામાં આવી, અને આ સંમેલનને શિક્ષણ અને સુધારણા રૂપે વધુ ફાયદા કારક બનાવવા માટે ઘટાડેલી બે રકાતોના બદલામાં ખુત્બો જરૂરી કરવામાં આવ્યો, એના માટે જુમ્આનો જ દિવસ એટલા માટે નક્કી કરવામાં આવ્યો કે અઠવાડીયાના સાત દિવસોમાંથી એ જ દિવસ સૌથી વધુ ઈઝઝત અને બરકત વાળો છે. જેવી રીતે દરરોજ પાછલી રાતની ઘડીઓમાં અલ્લાહની રહમત અને મહેરબાની બંદાઓ તરફ વધુ વરસે છે. અને જેવી રીતે વર્ષની રાતોમાં એક રાત (શબેકદ્ર) ખાસ સ્થાનમાં બરકતો અને રહમતો વાળી છે. એ જ મુજબ અઠવાડીઆના સાત દિવસોમાં જુમ્આનો દિવસ અલ્લાહ તઆલાની ખાસ મહેરબાનીઓનો દિવસ છે. એ જ કારણે તેમાં મહાન બનાવો અલ્લાહ તરફથી બનવા પામ્યા છે. અને ભવિષ્યમાં બનશે. (જેમકે આગળ ટાંકવામાં આવતી હદીષોથી જણાશે) મતલબ કે જુમ્આની એ જ ખાસિયતોના કારણે આ મહત્વ અને શાનદાર અઠવાડીક સંયુકત નમાઝ માટે જુમ્આનો દિવસ નક્કી કરવામાં આવ્યો અને તેમાં ભાગ લેવા અને હાજર રહેવાની ઘણી જ તાકીદ કરવામાં આવી, નમાઝ પહેલાં નહાવું સારા અને સ્વચ્છ કપડાં પહેરવા, અને શકિત હોય તો ખુશ્બુ લગાડવાની પ્રેરણા અને એક હિસાબે તાકીદ કરવામાં આવી, જેથી મુસ્લિમોનું આ પવિત્ર અઠવાડીક સંમેલન અલ્લાહ તરફ ધ્યાન અને ઝિક્ર ત્થા દુઆની બાતિની અને આત્મિક બરકતો સિવાય જાહેર રીતે પણ, સ્વચ્છ ખુબ સૂરત, અને રોનકદાર તેમ શાનદાર હોય, અને આ સંમેલનને ફરિશ્તાઓના પાક પવિત્ર સંમેલન સાથે વધુથી વધુ જોડ અને મળતાપણું થાય, આ પ્રસ્તાવના પછી જુમ્આ અને જુમ્આની નમાઝ વિષે હદીષો વાંચો :–

### ***<u>જુમ્આના દિવસની મહત્વતા અને ફઝીલત</u>***

(۲۳۲) عَنْ اَبِی هُرَیْرَةَ رضی قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم خَیْرُ یَوْمٍ طَلَعَتْ عَلَیْهِ الشَّمْسُ یَوْمُ الْجُمُعَةِ فِیْهِ خُلِقَ آدَمُ وَفِیْهِ اُدْخِلَ الْجَنَّةَ وَفِیْهِ اُخْرِجَ مِنْهَا وَلَا تَقُوْمُ السَّاعَةُ اِلَّا فِی یَوْمِ الْجُمُعَةِ۔ (رواہ مسلم)

તરજુમો:– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: તે બધા દિવસોમાં જેમાં સૂર્યોદય થાય છે. (એટલે અઠવાડીયાના સાત દિવસોમાં) સૌથી સારો અને શ્રેષ્ઠ

જુમ્આનો દિવસ છે. જુમ્આના જ દિવસે આદમ (અલૈહિસ્સલામ)ને અલ્લાહ તઆલાએ પેદા કર્યા, અને જુમ્આના જ દિવસે તેઓને જન્નતમાં પ્રવેશ કર્યો, અને જુમ્આના દિવસે જ જન્નતમાંથી બહાર કાઢી દુનિયામાં મોકલવામાં આવ્યા, (જયાં તેમનાથી મનુષ્યો પેદા થવાનું શરૂ થયું) અને કયામત પણ જુમ્આના દિવસે જ આવશે.

***જુમ્આના દિવસનો ખાસ વજીફો દુરૂદ***

(٢٣٣) عَنْ اَوْسِ بْنِ اَوْسٍؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَنَّ مِنْ اَفْضَلِ اَيَّامِكُمْ يَوْمُ الْجُمْعَةِ فِيْهِ خُلِقَ آدَمُ وَفِيْهِ قُبِضَ وَفِيْهِ النَّفْخَةُ وَفِيْهِ الصَّعْقَةُ فَاَكْثِرُوْا عَلَيَّ مِنَ الصَّلٰوةِ فِيْهِ فَاِنَّ صَلٰوتَكُمْ مَعْرُوْضَةٌ عَلَيَّ قَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ وَكَيْفَ تُعْرَضُ صَلٰوتُنَا عَلَيْكَ وَقَدْ اَرِمْتَ؟ قَالَ يَقُوْلُوْنَ بَلِيْتَ قَالَ اِنَّ اللّٰهَ حَرَّمَ عَلٰى الْاَرْضِ اَجْسَادَ الْاَنْبِيَاءِ۔ (رواه ابوداؤد والنسائی وابن ماجة والدارمی والبیهقی فی الدعوات الکبیر)

તરજુમોઃ– હઝરત ઔસ બિન ઔસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યુંઃ જુમ્આનો દિવસ સૌથી વધુ અફઝલ દિવસ છે. તેમાં જ આદમ (અલૈહિસ્સલામ)ને પેદા કરવામાં આવ્યા, તે જ દિવસે મૃત્યુ થયું, તે જ દિવસે કયામતનું સૂર ફુંકવામાં આવશે અને તેમાં જ મોત અને ફનાની બેહોશી અને ભાન ભુલવું દરેક મખ્લૂક પર છવાય જશે. જેથી તમો લોકો જુમ્આના દિવસે મારા પર વધુ દુરૂદ શરીફ મોકલ્યા કરો, કેમકે તમારૂ દુરૂદ મને પહોંચે છે. અને પહોંચતુ રહેશે. સહાબા (રદિ.)એ અરજ કરીઃ યા રસૂલલ્લાહ! (આપની વફાત પછી) અમારૂ દુરૂદ આપને કેવી રીતે પહોંચશે? આપનું શરીર મુબારક તો કબરમાં છીન્ન ભિન્ન થઈ ચુકયું હશે? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ નબીઓના શરીર જમીન માટે હરામ કરી દીધા છે. (એટલે મૃત્યુ પછી પણ તેમના શરીર કબરોમાં સલામત રહે છે. જમીન તેમાં કોઈ ફેરફાર કરી શકતી નથી. *(અબૂ દાઉદ, નસાઈ, સુનને ઈબ્ને માજા, મુસ્નદે દારમી, બયહકી)*

ખુલાસો :– ઉપરવાળી હઝરત અબૂ હુરૈરહ (રદિ.)ની હદીષ માફક હઝરત ઔસ બિન ઔસ સકફી (રદિ.)ની આ હદીષમાં પણ જુમ્આના દિવસના બનતા મહત્વના બનાવોનો ઉલ્લેખ કરી જુમ્આની મહત્વતા અને ફઝીલત વર્ણન

કરવામાં આવી છે. અને વધુમાં એ બતાવવામાં આવ્યું છે કે આ મુબારક અને ઈઝઝત વાળા દિવસમાં દુરૂદ વધારે પઢવું જોઈએ. જેવી રીતે રમઝાનુલ મુબારકનો ખાસ વજીફો કુર્આન પાકની તિલાવત છે. અને તેને રમઝાન મુબારક સાથે ખાસ સંબંધ છે. અને જેમકે હજની સફરનો ખાસ વજીફો 'લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક'' છે. એ મુજબ જુમ્આના મુબારક દિવસનો ખાસ વજીફો દુરૂદ શરીફનો છે. જુમ્આના દિવસે ખાસ કરી એને વધારે પઢવું જોઈએ.

### *વફાત પછી આપ (સલ.)ને દુરૂદ પહોંચવું અને નબીયોના જીવતા હોવાનો મસ્અલો*

દુરૂદ શરીફ વધુ પઢવાનો હુકમ આપતા આ હદીષમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે : અલ્લાહ તઆલા તરફથી વ્યવસ્થા કરવામાં આવી છે કે ઉમ્મતનું દુરૂદ મારી પાસે પહોંચાડવામાં આવે છે. અને મારી સામે રજૂ કરવામાં આવે છે. અને આ વ્યવસ્થા મારા આ દુનિયાથી ચાલ્યા જવા પછી પણ રહેશે. (અમૂક બીજી રિવાયતોમાં પણ ઉલ્લેખ છે કે દુરૂદ શરીફ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પાસે ફરિશ્તાઓ પહોંચાડે છે.

એનાથી અમૂક સહાબાના દિલમાં સવાલ ઉત્પન્ન થયો કે અત્યારે તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) આ જગતમાં મોજૂદ છે, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પાસે ફરિશ્તાઓનું આવવું, અને દુરૂદ વગેરે પહોંચાડવું, ત્થા સોંપવું સમઝમાં આવે છે. પરંતુ આપની વફાત પછી જયારે આપ કબરમાં દફન કરી દેવામાં આવશે, અને માનસ શાસ્ત્રના હિસાબે આપનું શરીર મુબારક જમીનના અસરથી છીન્ન ભિન્ન થઈ જશે. તો પછી દુરૂદ શરીફ આપની સેવામાં કેવી રીતે રજુ કરવામાં આવશે ? તેમણે આ સવાલ આપની સામે રજૂ કર્યો, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલાના ખાસ હુકમથી પયગમ્બરોના શરીરો તેમની વફાત પછી કબરોમાં સહી સલામત રહેશે. જમીન તેમના પર પોતાનો અમલ કરી શકતી નથી. એટલે જે પ્રમાણે દુનિયામાં ખાસ રીતો અને દવાઓથી મૃત્યુ પછી શરીરો સાચવી રાખવામાં આવે છે. એ જ મુજબ અલ્લાહ તઆલા એ પોતાની ખાસ કુદરત અને ખાસ હુકમથી પયગમ્બરોની વફાત પછી તેમના શરીરો હમેશા હમેશા માટે કબરોમાં સુરક્ષિત કરી દીધા, અને તેઓને ત્યાં એક ખાસ પ્રકારનું જીવન મળશે. (જે તે જગતના કાયદાઓ મુજબ હશે) જેથી દુરૂદ પહોચવા માટે અને રજૂ કરવાની લાઈન એ જ મુજબ ચાલુ રહેશે.

• • • • • • •

# ઉસ્તાદો અને મુરબ્બીઓનું આજ્ઞાપાલન - અદબ જરૂરી

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ
'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ. મુફતી ફરીદ અહમદ કાવી.

આ એક સ્પષ્ટ વાત અને અલ્લાહ તઆલાનો નિયમ પણ છે કે, ઉસ્તાદ, શિક્ષક અને મુરબ્બીનું માન – સન્માન ન કરનાર, કદી પોતાના ઈલ્મ – જ્ઞાનથી લાભ નથી ઉઠાવી શકતો. વિદ્વાનો અને વિશેષજ્ઞો જયાં પણ ઈલ્મ પ્રાપ્તિના નિયમો અને ઉસૂલો વર્ણવે છે તો આ બાબત અવશ્ય લખે છે. અને હદીસના ઉલમા તો હદીસની કિતાબોમાં એક આગવો ભાગ – પ્રકરણ વિદ્યાર્થી અને તાલિબે ઈલ્મના અદબો અને નિયમો વિશેનો વર્ણન કરે છે. આ બધું મારી કિતાબ અવજઝુલ મસાલિકના મુકદ્દમહ (પ્રસ્તાવના)માં વિસ્તારથી છે. ઈમામ ગિઝાલી રહ.એ ઈહયાઉલ ઉલૂમમાં આ વિશે વિસ્તારથી ચર્ચા કરી છે. તેઓએ લખ્યું છે કે તાલિબે ઈલ્મ માટે જરૂરી છે કે પોતાને સંપૂર્ણ રીતે ઉસ્તાદના હવાલે કરી દે. અને દરેક વાત એવી રીતે માને જેમ બીમાર વ્યકિત એના તબીબને તાબે રહીને એની વાત માને છે.

હઝરત અલી રદિ. ફરમાવે છે : જેણે મને એક શબ્દ પણ શીખવાડયો હોય, હું એનો ગુલામ છું. તે ચાહે તો મને વેચી દે કે પછી મને ગુલામ બનાવીને રાખે.

અલ્લામહ ઝરનૂજી રહ.એ એમની કિતાબ 'તઅલીમુલ મુતઅલ્લિમ'માં લખ્યું છે કે, હું ઘણા તલબાને જોઉં છું કે તેઓને એમના ઈલ્મનો કોઈ લાભ નથી મળી રહયો. એનું કારણ આ જ છે કે તેઓ ઈલ્મ હાસિલ કરવાના આદાબ અને શરતોને અનુસરતા નથી. આ બાબતે એમણે એક આગવું પ્રકરણ ઉસ્તાદો – શિક્ષકોનું માન – અદબ જરૂરી હોવા બાબતે લખ્યું છે. તેઓ લખે છે કે, તાલિબે ઈલ્મ, ઉલમા, ઉસ્તાદો

વગેરેનો અદબ ન કરે તો એને એના ઈલ્મ – જ્ઞાનનો લાભ મળી જ નથી શકતો. જેને જે કંઈ મળ્યું છે એ માન – સન્માન દ્વારા જ મળ્યું છે. અને જેનું પણ પતન થયું છે એ અપમાનના કારણે જ છે. જેમ કે માણસ ગુનો કરવાથી તો કાફિર નથી થતો, પણ દીનના કોઈ પણ હુકમની બેહુરમતી કે અપમાન કરવાથી કાફિર થઈ જાય છે. ફારસીનો સરસ શેર છે. :

از خدا خواہیم توفیق ادب -- بے ادب محروم گشت از فضل رب

અર્થાત : અમે અલ્લાહ તઆલા પાસે અદબની તોફીક માંગીએ છીએ, કારણ કે બે અદબ માણસ અલ્લાહ તઆલાના ફઝલથી મહરૂમ થઈ જાય છે.

ادب تاجیست از فضل الٰہی -- بنہ برسر برو ہر جا کہ خواہی

અર્થાત : અદબ તો અલ્લાહ તઆલાના ફઝલનો એક મહાન તાજ છે. એને માથે મુકીને જયાં ચાહો ત્યાં ચાલ્યા જાઓ. અને આ કહેવત તો મશ્હૂર છે જ : બા અદબ બા નસીબ, બે અદબ બે નસીબ.

ઈમામ સદીદુદ્દીન શીરાઝી રહ. ફરમાવે છે કે, મેં મશાઈખના મોંઢે સાંભળ્યું છે : જે માણસ ઈચ્છતો હોય કે એનો પુત્ર આલિમ બને, એ ઉલમાની ખિદમત કરે, એમનું માન – સન્માન કરે, એનો પુત્ર નહીં તો પોત્ર જરૂરી આલિમ બનશે. ઈમામ શમ્સુદ્દીન હુલવાની રહ.નો કિસ્સો મશ્હૂર છેઃ તેઓ કોઈ કામે શહેરમાં ગયા હતા. શહેરમાં એમના જેટલા શાગિર્દો – શિષ્યો હતા, બધા એમને મળવા આવ્યા. પરંતુ કાઝી અબૂબક્ર રહ. હાજર ન થઈ શકયા. પછી જયારે મુલાકાત થઈ તો ઈમામ સાહેબે એમને પૂછયું, કાઝી એમની વાલિદહના કોઈ કામમાં પ્રવૃત હોવાનું કારણ દર્શાવ્યું. ઈમામ સાહેબે ફરમાવ્યું કે, તમારી રોઝીમાં બરકત થશે પણ ઈલ્મનો કોઈ ફાયદો નહીં થાય. અને પછી એમ જ થયું. મશ્હૂર છે કે વાલિદૈનની ખિદમતથી રોઝીમાં બરકત થાય છે અને ઉસ્તાદની ખિદમતથી ઈલ્મમાં પ્રગતિ મળે છે. આ એક સિદ્ધ હકીકત છે. પણ આપણી રીત બધા જ જાણે છે કે ઉસ્તાદ અને શાગિર્દોના વિચારો

રાજકીય રીતે વિરોધી હોય તો ઉસ્તાદની મઝાક ઉડાડવી, ભૂલો શોધવી, વગેરે કામોમાં વિદ્યાર્થીઓ સપડાય છે, જેના કારણે તેઓ મહરૂમ – વંચિત રહી જાય છે. મારો અનુભવ તો આ છે કે અંગ્રેજી અને દુન્યવી શિક્ષણમાં પણ જે વિદ્યાર્થીઓ શિક્ષકનો માર ખાય છે કે ભાર વેઠે છે તેઓ વધારે આગળ વધે છે. ઊંચા હોદ્દાએ પહોંચે છે, જે મકસદે જ્ઞાન મેળવ્યું હતું એ સારી રીતે પૂરો થાય છે. અને જે વિદ્યાર્થીઓ તાલીમના દિવસોમાં શિક્ષકો સામે અભિમાન કરે છે, મોટાઈ દેખાડે છે તેઓ પાછળથી એમની ડીગ્રીઓ લઈને બધા પાસે ભલામણો કરાવતા ફરે છે, અને કયાંક નોકરી મળી પણ જાય તો એમના ઉપર મુસીબત ઉભીને ઉભી જ રહે છે. ખુલાસો આ કે દીની કે દુન્યવી, જે ઈલ્મ હોય, જયાં સુધી એના ઉસ્તાદો અને મુરબ્બીઓનો અદબ ન કરવામાં આવે, પૂર્ણ નથી ગણાતું અને લાભ નથી આપતું.

## ઇલ્મ હાસિલ કરવા મોમિનની ખુશામદ કરવાની હદીસ

અદબુદ્દન્યા વદ્દીન નામની કિતાબમાં લખ્યું છે કે, તાલિબે ઈલ્મ માટે ઉસ્તાદની ખુશામદ કરવી અને ઉસ્તાદ સામે પોતાને તુચ્છ સમજવું જરૂરી છે. આ બંને વાતો અપનાવશે તો ફાયદો મેળવશે અને બંને બાબતો છોડી દેશે તો મહરૂમ રહેશે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : ઈલ્મ મેળવવાના હેતુ સિવાય કોઈ બીજા મકસદે ખુશામદ કરવી મોમિનનું કામ નથી.

હઝરત ઈબ્ને અબ્બાસ રદિ. ફરમાવે છે : હું તાલિબે ઈલ્મ હોવાના સમયે પોતાને તુચ્છ સમજતો હતો, એટલે હવે ઉસ્તાદ બનીને લોકોમાં સન્માન મેળવી રહયો છું.

કોઈ વિદ્વાનનું કથન છે કે જે કોઈ ઇલ્મ મેળવવા માટે થોડું ઘણું અપમાન પણ નથી વેઠી શકતો એ સદાને માટે જાહિલ રહી જાય છે.

(૮) ત્યાર પછીની સ્થિતિ ઓર વધારે ખરાબ અને કષ્ટદાયક બની જાય છે. તલબા માંહે ઉસ્તાદ જ ચર્ચાનો વિષય બની જાય છે. એના

સમર્થકોના મતે એ ફરિશ્તો છે. એની ભૂલો પણ પણ સવાબ છે. ખોટા કામો પણ સાચા ગણાય છે. અને વિરોધીઓના મતે એ ઉસ્તાદ તો મદરસામાં રાખવાને પણ લાયક નથી ગણાતો. તે કંઈ પઢાવવાને કાબેલ નથી. એની લાયકાત બેકાર છે. એનો સબક સમજમાં નથી આવતો. એની બધી ખૂબીઓથી નફરત કરવામાં આવે છે. એનું દરેક કામ ટીકાપાત્ર છે. એની ખામીઓ અને બુરાઈઓ શોધવામાં આવે છે. અને સાચી બુરાઈઓ નથી મળતી તો જૂઠા આરોપો લગાવવામાં આવે છે. વ્યવસ્થિત રીતે એનો પ્રોપેગંડો કરવામાં આવે છે. આ બધું થાય છે એ કોઈનાથી છુપું છે ? મદરસાઓથી સંબંધ રાખનાર આ બધી બાબતોથી ઈન્કાર કરી શકે છે ?

(૯) એક મદરસાની તાજી ઘટના લખું છું : એક રૂમમાં અમુક તલબા વચ્ચે ખાવું ખાતી વેળા ચર્ચા શરૂ થઈ ગઈ કે બહુમતી જે તરફ હોય એ વાત દરેક સ્થિતિમાં સાચી ગણાય કે નહીં ? પહેલાં વાતચીત, પછી ઉગ્રચર્ચા અને દલીલબાજી, પછી મારા મારી. છેલ્લે એક તરફથી લાકડીઓ અને બીજી તરફથી જોડાં ઉછાળવામાં આવ્યાં. મદરસાઓમાં એવા નિગરાન – ચોકીદાર કયાંથી લાવવા જે હળપળ એમની સાથે રહે, ચોવીસ કલાક એમની સાથે બેસી રહે અને એમની વાતો સાંભળે અને તકેદારી રાખે કે કોઈ મર્યાદા ન તોડે !

(૧૦) આવી જ ઘટના અુમક દિવસ પહેલાંની એક મદરસાની ઘટના છે. એક જલસામાં અુમક તલબા શરીક થયા. પછી જલસા વિશે એકબીજાનો મત લેવાયો. ચર્ચા થઈ, બે પક્ષો બની ગયા. પ્રથમ એક બીજાને ધમકીઓ આપવામાં આવી. અંતે એક પક્ષે બીજા પક્ષના એક માણસને રૂમમાં બંધ કરીને એટલો માર્યો કે અધમરો કરી દીધો. આવું બધું રોજ થયા જ કરે છે. કાલ્પનિક ઘટનાઓ કે ખોખલા વિચારો નથી.

આઝાદીના લડવૈયા અને ભારતની એકતાના હિમાયતી

# મવલાના અબુલ કલામ આઝાદ રહ.

ભારતની આઝાદીની લડતમાં મવલાના અબુલ કલામ આઝાદ રહ.નું સ્થાન ઘણું ઊંચું છે. બલકે હિંદુ મુસ્લિમ એકતાના ઝોરે મવલાના અબુલ કલામ આઝાદ રહ.એ જ આઝાદીની લડતમાં પ્રાણ ફૂંકયો હતો.

મુસલમાનોનું અતિ પવિત્ર સ્થળ મક્કા શરીફ મવલાના આઝાદનું જન્મ સ્થળ છે. બાળપણ અને આરંભિક તાલીમ પણ એમણે મક્કા શરીફ ખાતે જ મેળવી હતી. બાળપણથી તેઓ ઘણા હોશિયાર હતા. એટલા બધા હોશિયાર હતા કે વર્ગના બીજા વિદ્યાર્થીઓ એમનાથી ઘણા પાછળ રહી જતા હતા. એટલે એમને આગળ કરીને ઉપરના વર્ગમાં બેસાડવામાં આવતા. પછી આગલા કલાસમાં પણ એમ જ થતું અને એમને ઓર આગળની કલાસમાં બેસાડવામાં આવતા. આમ ફકત ૧૪ વરસમાં જ એમણે તાલીમ પૂરી કરી લીધી. અરબી ભાષા, મન્તિક, હદીસ વગેરે ઈસ્લામી અને અરબી વિદ્યાઓની તાલીમ એમણે પૂરી કરી લીધી. આ દિવસોમાં મદરસાની તાલીમની પરંપરા એ હતી કે તાલીમ પૂર્ણ કરેલ વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીઓને પઢાવે તો જ એને તાલીમમાં પૂર્ણ અને કાબેલ સમજવામાં આવતો હતો. એટલે મવલાના આઝાદને પણ અન્ય વિદ્યાર્થીઓની તાલીમ સોંપવામાં આવી. એમણે હિદાયા અને મુતવ્વલ જેવી અત્યતં અઘરી કિતાબો વિદ્યાર્થીને પઢાવી અને સમજાવી.

આઝાદીની લડતના એમના અન્ય સાથીદારો જવાહરલાલ નહેરૂ અને મહાત્મા ગાંધી વગેરેને પણ મવલાના આઝાદની હોશિયારીનો અંદાઝો હતો. સરોજની નાયડુ તો કહેતાં કે મવલાના આઝાદ ૫૦ વરસની ઉમર લઈને પેદા થયા હતા એટલે કે બાળપણમાં જ તેઓ એટલા બધા સમજદાર અને હોશિયાર હતા, જેટલો કોઈ માણસ ૫૦ વરસની તાલીમ પછી હોય છે.

બાળપણમાં એમની રમતો પણ અજીબો ગરીબ હતી. એમના બહેન ફાતિમહ બેગમ જણાવતાં હતાં કે કદી તેઓ ઘરની બધી પેટીઓ એક

લાઈનમાં મૂકીને કહેતા કે આ રેલગાડી છે. પછી પિતાજીની પાઘડી માથે મુકીને પેટી ઉપર બેસી જતા અને અમને બહેનોને કહેતા કે તમે બધાં બુમો પાડો કે, હટો, આઘા ખસો, દિલ્લી વાળા મોલાના આઝાદ આવી રહયા છે.

કદી કોઈ ઊંચી વસ્તુ ઉપર ઉભા થઈ જતા, અમને બહેનોને આસપાસ ઉભી કરીને કહેતા કે તાલીઓ પાડો. અને એમ સમજો કે હું ભાષણ આપી રહયો છું અને હઝારો લોકો મારી આસપાસ તાળીઓ પાડીને મને વધાવી રહયા છે. અમે એમને કહેતાં કે અહિંયા તો અમારા સિવાય કોઈ નથી, હઝારો માણસો કયાંથી લાવીએ ? તો કહેતા કે આ તો એક રમત છે.

બાળપણમાં જ એમને પોતાની આસપાસનું વાતાવરણ જોઈને નક્કી કરી લીધું હતું મારે મોટા થઈને શું કરવાનું છે ? ભારતની ગુલામી અને એમાંથી બહાર નીકળવા માટે કરવામાં આવતા પ્રયાસોને સામે રાખીને એમણે પોતાનું ભવિષ્ય આઝાદીની લડતને હવાલે કરી દીધું હતું.

સહુપ્રથમ એમણે અલહિલાલ નામે એક સાપ્તાહિક પેપર શરૂ કર્યું. આઝાદી માટેના જોમ – જુસ્સા વાળા અને અંગ્રેજોને લલકારતા અને એમના કાળા કરતૂતોને ઉઘાડા પાડતા લેખો એમાં છપાવા લાગ્યા. ભાષા એટલી સુંદર, મીઠી અને અલંકારિક વાપરતા કે ઉર્દૂના મોટા લેખકો અને સાહિત્યકારોને એનો ઈંતેઝાર રહેતો હતો. પ્રખ્યાત શાયર, ફિલોસોફર અને વિદ્વાન અલ્લામા ઈકબાલ પણ આ સાપ્તાહિકના વાચક અને શોખીન હતા. પોતાના મિત્ર વર્તૂળને પણ એમને આ પેપરના ગ્રાહક બનાવ્યા હતા. લગભગ એક વરસના અંતે અંગ્રેજો આ સાપ્તાહિકને જપ્ત કરી લીધું અને બંધ કરાવી દીધું. પછી એમણે અલબલાગ નામે બીજું સાપ્તાહિક શરૂ કર્યું. અલ હિલાલથી વિપરીત એમાં જોશ – જુસ્સાના સ્થાને શાંતિમય શૈલીમાં વાત રજૂ કરવામાં આવતી હતી. ચાર માસ પછી આ પેપરને પણ બંધ કરવાનો વારો આવ્યો.

અલબત્ત આઝાદી માટેના એમના પ્રયાસો અને જોમ – જુસ્સાને હવે બધાએ ઓળખી લીધો હતો. હવે તેઓ દેશના અન્ય નેતાઓની સાથે

રહીને ચળવળોમાં ભાગ લેવા માંડયા. ગાંધીજી સાથે મળીને ખિલાફત ચળવળ, અસહકાર આંદોલન, ભારત છોડો આંદોલન વગેરેમાં ભાગ લીધો. આ બધા આંદોલનોમાં ભાગ લેવાના કારણે એમણે અનેકવાર જેલ જવાનો વારો પણ આવ્યો.

આઝાદીની લડાઈમાં મવલાના આઝાદના મતે સૌથી મોટો અવરોધ ભારતીયોમાં એકતાનો અભાવ હતો. હિંદુ મુસ્લિમ વિવાદ ઉપરાંત સામુદાયિક, પ્રાદેશિક અને ભાષાકીય ભેદભાવ પણ ભારતમાં ભારોભાર ભરેલો હતો. મવલાના આઝાદ સારી રીતે સમજતા હતા જયાં સુધી ભારતના બે મુખ્ય સમાજો, હિંદુ – મુસ્લિમ વચ્ચે એકતા નહીં હોય, અંગ્રેજોનો મુકાબલો કરવો અને દેશને આઝાદ કરાવવાો અશકય છે. હિંદુ મુસ્લિમ એકતાની હિમાયતના કારણે તેઓને ઘણી પરેશાનીઓનો સામનો કરવો પડયો. બલકે બંને તરફના લોકો તરફથી એમને બદનામ કરવા ઉપરાંત રંજાડવામાં આવ્યા.

એક તબક્કે એમને અંગ્રેજોના અમુક એજન્ટો તરફથી કહેવામાં આવ્યું કે તમે હિંદુ મુસ્લિમ એકતાની વાત કરવાનું છોડી દયો તો ભારતને અંગ્રેજો આઝાદી આપવા તૈયાર છે. મવલાના આઝાદ આ સાંભળીને ઉછળી પડયા. આવી ઓફરનો જવાબ આપતાં એમણે ૧૯૨૩ માં ઈન્ડીયન નેશનલ કોંગ્રેસની સભામાં ગર્જના કરતાં કહયું કે, હિંદુ મુસ્લિમ એકતા વગર આપણે આઝાદી નથી મળવાની. બલકે આ એકતા વગર તો માનવતાની બુનિયાદી કેળવણી પણ આપણને નહીં મળે. આજે જ એક ફરિશ્તો આસમાનેથી આવીને કુતુબમીનાર ઉપર ઉભો રહીને એલાન કરે કે ૨૪ કલાકમાં ભારતીયોને સ્વરાજ આપી દેવામાં આવશે, પણ શરત એટલી કે ભારતીયોએ એકતા જતી કરવી પડશે, તો હું સ્વરાજ છોડવા તૈયાર છું પણ એકતા છોડવા તૈયાર નથી. સ્વરાજ મોડું મળશે તો એકલા ભારતનું નુકસાન છે, પણ એકતા જતી રહેશે તો સમગ્ર માનવ વિશ્વનું નુકસાન થવાનું છે.

———————————————

સત્ય વાત :::::::::::::

# ભારત દેશ ખાતર મુસ્લિમોનું લોહી અને અન્યોનો પરસેવો

મુસલમાન પૂર્વજોએ ભારતની આબરૂની લીલામ કરનાર તેમજ દેશની સ્વતંત્રતાના આડે આવનાર ગોરા અંગ્રેજોને પોતાના શરીરમાં રહેલ લોહીના અંતિમ ટીપાં સુધી સહન કર્યા નથી. તે સમયે પણ ભારતમાં અનેક ધર્મોને માનનારા લોકો હતા, એ બધામાં દેશને તથા દેશવાસીઓને ગોરા અંગ્રેજોની ગુલામીમાંથી મુકત કરવા ઉપરાંત દેશની ઈઝઝત બચાવવા સૌપ્રથમ મુસલમાનોએ પોતાની જાતને બલિદાન માટે આગળ ધરી. અંગ્રેજો આપણા દેશ પર રાજ કરે એ મુસ્લિમો સાંખી શકયા નહીં, આ માટે તેમણે બીજાઓની રાહ જોઈ નહીં બલકે તેઓ સૌથી પહેલા મેદાનમાં કુદી પડયા. અને ઈ.સ. ૧૮૫૭ના બળવા પછી આશરે અડધી સદી સુધી અંગ્રેજોની સત્તા ઉખેડી ફેંકવા માટે એકલે હાથે સ્વતંત્રતાની લડતના મેદાનમાં ઝઝુમતા રહયા, યાદ રહે કે દેશવાસીઓને ગુલામીમાંથી મુકત કરવા ખાતર મુસ્લિમોએ જે લોહી વહાવ્યું ખરી રીતે જોવામાં આવે તો બીજાંઓએ એટલો પરસેવો પણ વહાવ્યો નહીં હોય. આ ભુલાવી દેવાયેલ સત્ય છે.

ઈ.સ. ૧૮૫૮માં દિલ્હીના લાલ કિલ્લા ઉપર''યુનિયન ઝેક'' લહેરાવવામાં આવ્યો. એક તરફ તો અંગ્રેજો ભારતીય હુકૂમત અને એમની આબરૂના કિલ્લા ઉપર પોતાનો ઝંડો લહેરાવી રહયા હતા તો બીજી તરફ દેશના વફાદાર મુસલમાનો અંગ્રેજોનો પ્રતિકાર કરવા માટે સૌથી આગળ રહીને સ્વતંત્રતાની લડાઈનો ધ્વજ ફરકાવી રહયા હતા ! દેશની સ્વતંત્રતા માટે મુસ્લિમ પ્રજાનું સ્થાન હમેશાં આગલી હરોળમાં રહયું છે.

આઝાદીની લડતની આ પણ એક સચોત વાસ્તવિકતા છે કે ઈ.સ.૧૯૦૦ સુધી સ્વતંત્રતાની લડતમાં જેટલા પણ મુસલમાન લડવૈયાને ફાંસીના માંચડે ચઢાવવામાં આવ્યા અથવા કાળા પાણીની સજા, જનમટીપ જેવી ભારે ત્રાસદાયક સજાઓ ભોગવી અથવા લાઈનબંધ ઊભા રાખીને અથવા તો

બગાવતના આરોપસર શૂટ કરવામાં આવ્યા, એમાં આઝાદીની લડતના તમામ સમયગાળા દરમિયાન અન્ય પ્રજાઓના લોકોએ આપેલ બલિદાનોની કુલ સંખ્યા પણ મુસલમાનોની કુરબાનીઓની કુલ સંખ્યા જેટલી થતી નથી.

વીસમી સદીના પ્રારંભમાં જયારે જાહેરમાં ભાષણો કરવાની કે લખાણો લખવાની એટલી આઝાદી ન હતી જેટલી પાછળથી થઈ, એવા કપરા સમયે બંગાળના ભાગલાના વિરૂધ્ધમાં સૌ પ્રથમ દેખાવો કલકત્તામાં થયા,એ દેખાવકારોમાં મુસલમાન આગેવાનોમાં એવો કોઈ મુસલમાન ભાગ્યે જ બચ્યો હશે કે જેને પોલિસ દમન અને જેલની સજાનો અત્યાચાર સહન કરવો પડયો ન હોય.

પરંતુ...

આજે મુસલમાનોના આ મહાન બલિદાનોને વિસરી જવામાં આવ્યા છે. એટલું જ નહીં બલકે તેમની છબી – છાપને વિકૃત કરવામાં આવી રહી છે, તેમનું નામ ઈતિહાસમાંથી કાઢી નાંખવાના ગંભીર પ્રયાસો થઈ રહયા છે.

અંગ્રેજોએ પણ નિર્દોષ મુસ્લિમોને દોષિત સાબિત કરી જેલો ભરી દીધી હતી, અને મોતને શરણે કર્યા હતા, અને આજે એ જ અંગ્રેજોના મિત્રો કહો તો પણ અને અંગ્રેજોવાળું માનસ ધરાવતા " લડાવતા રહો અને રાજ કરતા રહો" જેવા તત્વોએ હઝારો નહીં, લાખો નિર્દોષ મુસ્લિમોથી જેલો શોભાવી છે. આ ઘણી જ દુ:ખદ બાબત કહેવાય.

આજે પણ અંગ્રેજોવાળી "લડાવતા રહો અને રાજ કરતા રહો" જેવી સ્થિતિ સર્જાય છે, આખા દેશમાં રાજ કરવા અને મતો મેળવવા માટે રાજકરણીઓ જાતે જ બોમ્બ ધડાકા તથા રમખાણો કરાવે છે અને છેલ્લે કોઈ નિર્દોષ મુસ્લિમની ધરપકડ કરી સમગ્ર મુસ્લિમ કોમને બદનામ કરવામાં આવે છે. આ બીચારા નિર્દોષને પોતાના કુટુંબથી – પરિવારથી અલગ કરી દેવામાં આવે છે. અને વરસો વરસ સુધી તે પોતાના કુટુંબિજનોને જોઈ શકતો નથી કે મળી શકતો નથી.

અલ્લાહ તઆલા મુસ્લિમોની હિફાઝત ફરમાવે – આમીન

# દેશની આઝાદી ઉલમાએ કિરામ અને મુસલમાનો

ભારતની આઝાદીમાં ઉલમાએ કિરામનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. કહી શકાય કે જો ઉલમા એમની કુર્બાનીઓ ન આપત તો નિશ્ચિતપણે આ દેશ ભારતને સ્વતંત્રતા ન મળી હોત !

આઝાદીના ઈતિહાસનો આપણે ધ્યાનપૂર્વક અભ્યાસ કરીએ તો ખબર પડે છે કે હઝરત મવ. શાહ વલીયુલ્લાહના જન્મ પૂર્વે ભારતમાં એક ગજબનાક ઉથલપાથલ ચાલી રહી હતી, જેના થકી ભારતનું સામ્રાજય ભારતવાસીઓના હાથમાંથી અંગ્રેજોના હાથમાં જવાના બિલકુલ નિકટ હતું.

ઈ.સ.૧૭૦૭માં ઔરંઝેબ આલમગીર બાદશાહના અવસાન પછી ભારતની એ દુદર્શા થઈ કે અખંડ ભારતના ટુકડે ટુકડા ગઈ ગયા. સદી પહેલા પરિસ્થિતિ એ હતી કે યુરોપના ગૌરા લોકો પર આલમગીરના દાદાએ મહેરબાનીઓ અને ઈનામોનો વરસાદ વરસાવ્યો હતો. આલમગીરના પિતા શાહજહાંએ નિખાલસ અને સદભાવથી એમને ભારતનું નાગરિત્વ આપ્યું હતું, અને સ્વંય આલમગીરે પહેલાં તો તડીપાર કર્યા અને પછી તેઓને માફ કરી વ્યાપાર કરવાની પરવાનગી આપી હતી. પરંતુ હજુ તો એક સદી પણ ન વીતી કે આલમગીરની રાજધાની પર એ ગૌરા અંગ્રેજોએ સત્તા જમાવી દીધી અને આલમગીરનો પૌત્ર શાહઆલમ અંગ્રેજોનો અમલદાર બની ગયો.

ઈ.સ.૧૬૦૧માં ભારતમાં અંગ્રેજોનું આગમાન થયું ત્યારે અહમદશાહ અબ્દાલી ભારતનો રાજા હતો અને ભારતની રાષ્ટ્રીય ભાષા ફારસી હતી. ઈ.સ.૧૬૦૧માં બ્રિટનની ઈસ્ટ ઈન્ડિયા કંપનીના નામથી એક ગ્રુપ વાસ્કોદીગામાની આગેવાની હેઠળ મુંબઈના કાંઠે ઉતર્યુ, અને તેઓએ તે સમયના રાજા પાસે સહકારની માંગણી મૂકી, સાથે જ ઘણી લોભામણી વાતો અને સપનાઓ બતાવ્યા કે અમે ભારતીના વ્યાપારને મજબૂત બનાવવા આવ્યા છીએ, અહિંયાનો માલ બ્રિટનાના બજારમાં લઈ જઈશું, અને ત્યાંના

નાણાં ભારતમાં લાવીશું, અંગ્રેજોના આ ગંદા રાજકારણને સમજી ન શકનાર રાજાએ એમને ભારતમાં રહેવાની મંજૂરી જ નહીં, પણ સાથે સાથે તેઓને ઘણી રાહતો પણ કરી આપી. જમીન અનામત આપવા ઉપરાંતે કહી પણ આપ્યું કે આ વિસ્તાર પણ તમારૂ પ્રભુત્વ અને ત્યાંની વ્યવસ્થા, પ્રબંધ અને જોગવાઈ તમારા જ હાથમાં..

અંગ્રેજોનો ભારત ઉપર કબ્જાનો આ આરંભ હતો. જેનો અંત સંપૂર્ણ ભારત ઉપર અંગ્રેજોના કબ્જોથી આવ્યો. સમયની દ્રષ્ટિએ લગભગ એક સદી પછી ૧૭૦૧માં અંગ્રેજોએ ભારતના રજવાડાઓ ઉપર સત્તા જમાવી દીધી. આ દરમિયાન ઈ.સ.૧૭૦૩માં દિલ્હીના શૈખ અ.રહમાન નામી માણસને ત્યાં એક બાળકનો જન્મ થયો, જેમને આપણે શાહ વલીયુલ્લાહના નામથી ઓળખીએ છીએ. યુવાન થઈ તેઓ શિક્ષણ અર્થે તેઓ મક્કા મુર્કરમહ ગયા, અને ત્યાંના એક આલિમે દીન "શૈખ અબૂ તાહિર મદની" પાસે શિક્ષણ મેળવી, પોતાના વતન તરફ પરત ફર્યા, પોતાના વતનમાં આવી જુએ છે કે અહિંયા તો અંગ્રેજોએ તો ભારતના ચાર મોટા–મોટા રાજયો ઉપર સત્તા જમાવી દીધી છે અને તેઓની દાનત ખરાબ છે. તેઓ સમગ્ર ભારત ઉપર સત્તા સ્થાપવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

આ જોઈ સાચા દેશભકત હઝરત શાહ વલીયુલ્લાહ રહ.એ ભારતના મુસ્લિમોને અંગ્રેજો વિરૂધ્ધ જિહાદ માટે તૈયાર કરવા, કુર્આને કરીમનો ફારસી ભાષામાં અનુવાદ કર્યો, તે સમયે ભારતની રાષ્ટ્રીય ભાષા ફારસી હતી તેઓએ કુર્આને કરીમની મદદ લઈ ભારતીય પ્રજાને તૈયાર કરી, બસ તેઓનો એ જ હેતુ હતો કે અંગ્રેજો આપણા દેશમાં ન જોઈએ. છેવટે આ જ પ્રયત્નો, કોશિશો અને સંઘર્ષોમાં શાહ સાહબનું ઈ.સ. ૧૭૬૨માં અવસાન થયું, અને અફસોસ ! કે તેઓનું આ મિશન પૂર્ણ ન થઈ શકયું.

શાહ સાહબ રહ.ના અવસાન પછી તેઓના મોટા પુત્રે તેમનું પ્રતિનિધિત્વ લીધું અને પિતાના સપનાને પૂર્ણ કરવા માટે ઈ.સ.૧૭૭૨માં કાયદેસર અંગ્રેજો વિરૂદ્ધ જિહાદનો ફત્વો આપી દીધો અને પિતાએ અધુરૂં રાખેલ મિશનને આગળ વધાર્યુ, જયારે આ ફતવો મુસ્લિમો સમક્ષ આવ્યો તો સૌથી પહેલાં ટીપુ સુલતાને આ ફતવા પર અમલ કર્યો, તરત જ ટીપુ સુલતાને લગભગ ૩૫૦ સ્વયં સેવકોને એકત્ર કર્યા, અને તેઓથી અંગ્રેજો વિરૂધ્ધ

અંતિમ ઘડી સુધી લડી લેવાનું વચન લીધુ, અને શરંગાપટ્ટમ થી નીકળી આ વીર ટીપુ અંગ્રેજો પર તૂટી પડયો.

ત્યાર પછી અઠાર લાખ (૧૮૦૦૦૦૦) મુસ્લિમો જાનની પરવા કર્યા વિના અંગ્રેજો સામે લડવા માટે રણભુમિમાં ઉતરી પડયા, મહાસંગ્રામ થયો, જેમાં બે લાખ (૨૦૦૦૦૦) મુસ્લિમોએ શહીદી વહોરી, તેમાં સારા બાવન હજાર (૫૨૫૦૦) તો ઉલમા જ હતા.

ત્યાર પછી પણ અંગ્રેજોએ ઉલમાઓની ધરપકડ કરી, તેમને કોથળીઓમાં પુરવામાં આવ્યા, દરિયાના વહેતા પાણીમાં ફેંકી ઉપરથી ગોળીઓ મારવામાં આવી, દિલ્હીના ચાંદની ચોકમાં દરરોજના ૮૦–૮૦ ઉલમાને ફાંસીએ લટકાવવામાં આવતાં, ચાંદની ચોકથી લઈ છેક ખૈબરઘાટ સુધી અને દિલ્હીથી લઈ મેરઠ સુધી ઉભું કોઈ વૃક્ષ પણ એવું ન હતું, જેના પર કોઈ આલિમની લાશ ન હોય !

અંગ્રેજો ફાંસી આપતાં અને માથું ઝાડ સાથે લટકાવી દેતા, જેથી સડક પરથી જનાર વટેમાર્ગુ તે લાશો જુએ અને બોધ લે અને અંગ્રેજોના માર્ગમાં અડચણ ઉભી ન કરે.

મુસ્લિમોને ભયભીત કરવા માટે અંગ્રેજોએ આ ચળવળ ચાલુ જ રાખી, અને મુસ્લિમો પર અત્યાચાર ગુજારતા રહ્યા, પરંતુ મુસ્લિમો એનાથી જરા પણ ડર્યા વિના આ દેશની સ્વતંત્રતા માટે વધુમાં વધુ જોડાવા લાગ્યા. આટલા મોટા સંગ્રામ પછી પણ અંગ્રેજ સરકારે ભારત સરકાર પાસે હિસાબ માંગ્યો કે હવે તમો ભારતમાં પોતાનું શાસન કેવી રીતે સ્થાપી શકશો. વિલ્યમ મોરે તેના રિપોર્ટમાં લખેલ નીચેની વિગત આજે પણ બ્રિટનના પુસ્તકાલયમાં ઉપલબ્ધ છે કે

*" મોલ્વીઓને કેહવામાં આવ્યું અમારી સત્તાનું સમર્થન કરો અને તમે અમારી તરફેણમાં હોવાનું એ'લાન કરી દો, નહીં તો જોઈ લો, તમને પણ આજ રીતે દેવાતાઓ પર નાંખી સળગાવી દેવામાં આવશે, આ પસ્તાવ અને ધમકીના જવાબમાં પ્રત્યેક ઉલમા એકીઅવાજે બોલ્યા કે હે અંગ્રેજો ! આ કદી પણ નહીં બની શકે. અમે દેશ માટે જાન આપવા તૈયાર છીએ પરંતુ આવું જૂઠું*

*સમર્થન કદી પણ ન આપીશું. આટલું સાંભળતા જ અંગ્રેજોએ આ ઉલમાને પણ આગમાં ફેંકી દીધા."*

અંગ્રેજો વિરૂધ્ધ ઘણા સંગઠનો બન્યા, ઘણી ચળવળો ચલાવવામાં આવી અને બધાનો એક જ હેતુ હતો કે અંગ્રેજોને દેશનિકાલ કરવામાં આવે, આ ચળવળોમાં સૌથી મહાન ચળવળ રેશ્મી રૂમાલ હતી, જેના સ્થાપક મૌલાના મહમૂદુલ હસન શૈખુલહિન્દ હતા.

અત્રે શૈખુલહિન્દ હઝરત મવલાના મહમૂદુલ હસન રહ.ની ઓળખાણ આપવી આવશ્યક છે,

તા.૩૦/૫/૧૮૬૬માં દારૂલ ઉલૂમ દેવબંદના મદ્રસામાં સૌ પ્રથમ જે ઉસ્તાદની નિમણૂંક કરવામાં આવી તે મવલાના મહમૂદુલ હસન હતા, તેઓ પાસે સૌથી પહેલાં શિક્ષણ લેવા માટે જે શિષ્ય આવ્યો તે પણ મહમૂદ અલ હસન હતા, આગળ જતાં દારૂલ ઉલૂમનો આ શિષ્ય ભારતની સ્વતંત્રતાની લડતના હીરો બન્યો અને એમને જ સમગ્ર જગત શૈખુલહિન્દ રહ.ના નામથી ઓળખે છે.

શયખુલ હિન્દ (રહ.)એ ચલાવેલ રેશ્મી રૂમાલની ચળવળ જયારે ઉગ્ર બની તો શૈખુલહિન્દ રહ.ને તેમના શિષ્ય મવ.હુસૈન અહમદ મદની રહ.સાથે મદીનામાંથી ધરપકડ કરવામાં આવી અને તેઓને પણ પોતાના ઉસ્તાદ સાથે જેલમાં પુરી દેવામાં આવ્યા, બન્નેવ ઉસ્તાદ–શાગિર્દ જેલની મુશ્કેલીઓ વેઠતા રહ્યા, મુદ્દત પુરી થતાં તેઓને મુકત કરવામાં આવ્યા અને ઈ.સ.૧૯૨૧માં હકીમ અજમલખાંના મકાનમાં શેખુલહિન્દ રહ.નો ઈન્તિકાલ થયો અને તેઓની મય્યિતને દેવબંદ લાવવામાં આવી. ગુસલ આપવા માટે તખ્ત પર સુવાડવામાં આવ્યા તો લોકો ચોંકી ઉઠયા, જુએ છે તો શૈખુલહિન્દ રહ.ની પીઠ પર ન તો બિલકુલ ગોશ્ત હતો અને ન ચામડી.

લોકો રડતા રડતા તેમના શિષ્ય મવલાના મદની રહ.પાસે આવ્યા, અને પૂછવા લાગ્યા કે મવલાના શૈખુલહિન્દના શરીર પર ન તો ચામડી છે ન તો ગોશ્ત ! આનું શું રહસ્ય છે ?

મવલાના મદની રહ.એ જયારે આ સાંભળ્યું તો ધ્રુસકે– ધ્રુસકે રડવા લાગ્યા અને કહેવા લાગ્યા કે મારા ઉસ્તાદે મને કહ્યું હતું કે આ રહસ્ય કદી પણ કોઈના સમક્ષ ન ખોલીશ. હઝરત મદની રહ.એ જણાવ્યું કે જયારે અમે

બન્નેવ માલ્ટાની જેલમાં હતા, તો અંગ્રેજ મારા ઉસ્તાદ શૈખુલહિન્દ રહ.ને ભોયરામાં લઈ જતાં, અને લોખંડને એટલું ગરમ કરતા કે તે લાલ–લાલ થઈ જતું, ત્યારે તે એ લોખંડને મારા ઉસ્તાદ પાસે લાવતો અને કહેતો કે અય મહમુદુલહસન ! અમને અમારૂ કામ કરવા દે, અમારી ચળવળને સમર્થન આપી દે, તારી પ્રત્યેક માંગણીઓ સ્વીકારવામાં આવશે. આ સાંભળી મારા ઉસ્તાદ તેઓને જવાબ આપતા,

હે અંગ્રેજ ! હું આ તારા પ્રસ્તાવને ઠુકરાવું છું, અને યાદ રાખજે! "જે માથું અલ્લાહ તઆલાના દરબારમાં નમે છે તે જગતના તારા જેવા તૃચ્છ કુતરાઓ સામે કદી પણ નહી નમે"

ઉલમાએ કિરામની કેટલી કુર્બાનીઓનું વર્ણન કરવામાં આવે. ખરેખર ! ઉલમા દેશ માટે પોતાનું બલિદાન ન આપતા તો આ દેશ સ્વતંત્ર ન થઈ શકત અને આ સ્વતંત્ર દેશના સાચા હકદાર અને વારસ મુસલમાનો જ છે.

આજકાલ કદી મુસ્લિમોને ત્રાસવાદી કહી, ઉલમાને જુનવાણી અને પ્રગતિના અવરોધક કહી બદનામ કરવામાં આવે છે. ઉલમાએ તો દેશને શિષ્ટાચાર અને સંસ્કાર અર્પિત કર્યો, જીવન જીવવાની રીતભાત શિખવાડી, શાસન કરી બતાવ્યું, જેઓના ચારિત્ર અને અમલથી બોધ લેવાની જરૂરત છે.

પરંતુ આજે મુસ્લિમો સાથે શું થઈ રહ્યું છે જગજાહેર છે, જયાં જુઓ ત્યાં ભારતમાં મુસ્લિમો પર અત્યાચાર, દેશમાં જયાં પણ કોઈ ભાંગફોડની ઘટના ઘટે છે તો સીધા મુસ્લિમોને જ નિશાન બનાવવામાં આવે છે અને તેઓ વિરૂધ્ધ જુઠા પુરાવા પણ મેળવી લેવમાં આવે છે.

હવે તો સીધા મદ્રસાઓ અને ઉલમાને નિશાન બનાવવામાં આવે છે. હાલાંકે આ મદ્રસાઓનું મૂળ જે દારૂલ ઉલૂમ દેવબંદ છે, ત્યાંથી તો સૌ પ્રથમ આ આઝાદીની ચળવળનો આરંભ થયો, આજે આજ મદ્રસાઓને ત્રાસવાદીઓનું મથક કહી પુકારવામાં આવે છે. હાલાંકે ત્રાસવાદીઓને આ દેશમાંથી કાઢવાનું કામ સૌ પ્રથમ એક મુસ્લિમ મવલાનાના હાથે થયું, ખરેખર ! ભારતીય પ્રજાએ ઈતિહાસથી બોધ લેવો જોઈએ અને સમજવું જોઈએ કે શું અમે જે કરી રહ્યા છે તે બરાબર છે ? દેશબાંધવોએ યાદ રાખવું જોઈએ કે સ્વતંત્રતાનો પ્રથમ અને છેલ્લો શહીદ મુસલમાન જ છે અને ભવિષ્યમાં પણ દેશ ખાતર માટે બાજી લગાડવામાં મુસ્લિમો આગલી હરોળે હશે. *ઈન્શાઅલ્લાહ*

# ૧૫ ઓગષ્ટ, સ્વતંત્રતા દિવસ

દર વર્ષે આપણે ૧૫ ઓગષ્ટના દિવસને સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવીએ છીએ. આ જ દિવસે ઈ.સ. ૧૯૪૭ માં આપણો દેશ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયો હતો, ભારતની સ્વતંત્રતા માટે આપણા દેશના મહાન લડવૈયાઓએ અનેક બલિદાનો આપ્યા હતા, જે પૈકી મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરૂ, મવલાના આઝાદ, મવલાના મહમૂદ હસન. મવલાના હુસૈન અહમદ મદની. મવલાના મુહમ્મદ અલી જોહર, ભગતસિંગ, અશ્ફાકુલ્લાહ ખાન અને ન જાણે કેટલાયે સ્વતંત્રતા સેનાનીઓ શામેલ હતા.

આઝાદીના સૌ પ્રથમ સંગ્રામનો આરંભ ઈ.સ. ૧૮૫૭માં લાલ કિલ્લાથી થયો હતો, આ સિવાય આઝાદી પછી સૌ પ્રથમ ત્રિરંગો લાલ કિલ્લા પરથી ભારતના સૌ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂએ ફરકાવયો હતો. આજે પણ તેની યાદમાં દર વર્ષે ૧૫ ઓગષ્ટના અવસરે વડાપ્રધાનના હાથે લાલ કિલ્લા પર ત્રિરંગો લેહરાવી આ ઐતિહાસિક દિવસની યાદ તાજી કરવામાં આવે છે.

આ વર્ષે ઈ.સ. ૨૦૧૯માં આપણે આપણી આઝાદીની ૭૩ મી વર્ષગાઠ મનાવી રહયા છીએ, આ દિવસે સમગ્ર દેશમાં ઠેરઠેર વિવિધ પ્રોગામોનું આયોજન કરવામાં આવે છે અને સૌથી મહત્વપૂર્ણ ઉજવળી લાલ કિલ્લા પર થાય છે. જયાં માનનીય વડાપ્રધાનના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવે છે. ત્યાર પછી વડાપ્રધાન જનતાને સંબોધે છે.

આ દિવસનું ઐતિહાસિક મહત્વ છે. આ દિવસે તે મહાન શહીદોને શ્રધ્ધાંજલી અપર્ણ કરવામાં આવે છે, જેમણે દેશની આઝાદી માટે પોતાના પ્રાણોની આહુતિ આપી હતી.

રાજધાની દિલ્લી ઉપરાંત દેશના બધા જ રાજયોના ખુણે ખુણે આ દિવસની જોશભેર ઉજવળી કરવામાં આવે છે, જયાં રાજ્યના મુખ્યમંત્રી કે ગવર્નર ધ્વજ વંદન કરે છે અને પરેડની સલામી આપે છે.

સ્વતંત્રતા દિવસના અવસરે અમુક જગ્યાઓએ ઠેર ઠર વિદ્યાર્થિઓની રેલીઓ કાઢવામાં આવે છે, જેના વડે આઝાદીનો પેગામ આમ કરવામાં આવે છે, આ સિવાય વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં વિશેષ આ વિષય પર મહત્વપૂર્ણ પોગ્રામો આયોજિત કરવામાં આવે છે.

હવે અમુક વાતો આપણા રાષ્ટ્રીય પ્રતિકોના વિશે :

આપણો રાષ્ટ્રીય ધ્વજ જેને ત્રિરંગો પણ કહેવામાં આવે છે, તેની રચનામાં આડા ત્રણ રંગના પટ્ટા છે, સૌથી ઉપર કેસરી, મધ્યમાં સફેદ અને સૌથી નીચે લીલો રંગ છે, અને તેના મધ્યમાં ૨૪ આરા ધરાવતુ એક અશોક ચક્ર હોય છે, આપણા રાષ્ટ્રીય ઝંડાની પહોળાઈ અને લંબાઈનું પ્રમાણ ૨.૩ના ગુણોત્તરમાં હોય છે. જયારે બધા જ રંગોની પટ્ટીઓ લંબાઈ અને પહોળાઈમાં સરખી હોય છે.

ધ્વજ વંદન કરતી વખતે રાષ્ટ્રીય ગીત જન જણ મન.... ગાવામાં આવે છે, બંગાળના મહાન સાહિત્યકાર એવા રવિન્દ્રનાથ ટાગોરે તેની રચના કરી છે, તેમને સાહિત્ય પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો.

જો આપણે રાષ્ટ્રીય અન્ય પત્રિકોની વાત કરીએ તો આપણું રાષ્ટ્રીય નિશાન અશોક ચક્ર છે, આપણું રાષ્ટ્રીય પ્રાણી વાઘ છે, રાષ્ટ્રીય પક્ષી મોર છે, રાષ્ટ્રીય વૃક્ષ ભારતીય અંજીરનું વૃક્ષ છે, રાષ્ટ્રીય ફળ કેરી છે, રાષ્ટ્રીય ફુલ કમળ છે, રાષ્ટ્રીય રમત હોકી છે, રાષ્ટ્રીય નદી ગંગા છે.

જો ઈતિહાસની વાત કરીએ તો આપણા દેશના અનેક નામો હતા, પરંતુ આઝાદી મળ્યા પછી સરકાર તરફથી તેનું નામ ભારત રાખવામાં આવ્યું, પરંતુ વૈશ્વિક સ્તરે તે ઈન્ડિયા થી ઓળખાય છે.

આપણો દેશ બિનસાંપ્રદાયિક દેશ છે, જેના વર્તમાન ૨૭ રાજ્યો તથા ૭ કેન્દ્ર શાસિત પ્રદેશો છે.

આપણો દેશ જગતનો એક માત્ર એવો દેશ છે જયાં સામાન્ય પણે પ્રાદેશિક ભાષા બોલવામાં આવે છે, જેમાં ઉર્દૂ ભાષા પણ શામેલ છે, આપણા બંધારણ મુજબ ઉર્દૂ ભાષાને ૨૨ સરકારી કામકાજની ભાષાઓની યાદીમાં સ્થાન પ્રાપ્ત છે. જયારે કે અમુક રાજયોમાં તેને બીજા નંબરની સરકારી કામકાજની ભાષાનું સ્થાન પ્રાપ્ત છે.

જો સભ્યતા અને સંસ્કૃતિની વાત કરવામાં આવે તો ભારત હજારો વર્ષોથી સભ્યતા અને સંસ્કૃતિનું કેન્દ્ર રહયું છે. અહીંયા જગતના સર્વ ધર્મના અનુયાયીઓ વસે છે.

સ્વતંત્રતા દિવસ સિવાય આપણા અન્ય બે રાષ્ટ્રીય તહેવારો પ્રજાસત્તાક દિવસ અને ગાંધી જયંતિ પણ છે. ૨૬ જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ તરીકે મનાવવામાં આવે છે અને બીજી ઓકટોબર ગાંધીજીના જન્મ દિવસને ગાંધી જયંતિ તરીકે મનાવવામાં આવે છે.

આ સિવાય દેશના સૌ પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂના જન્મ દિવસ ૧૪ નવેમ્બરને "બાળદિન" તરીકે મનાવવામાં આવે છે જયારે કે દેશના બીજા રાષ્ટ્રપતિ (જે એક વિખ્યાત શિક્ષિત વ્યકિત હતા) તેમના જન્મ દિવસ ૫ સપ્ટેમ્બરને 'શિક્ષક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. તેમજ આપણા દેશના આધુનિક શિક્ષણ વ્યવસ્થાના રચયાતા મૌલાના અબૂલ કલામ આઝાદ કે જેઓ સ્વત્રંત ભારતના સૌ પ્રથમ શિક્ષણ મંત્રી હતા. તેમની જન્મતિથિ ૧૧ નવેમ્બરને 'શિક્ષણ દિવસ' તરીકે મનાવવામાં આવે છે.

આઝાદી પછી આપણા દેશે ઘણી પ્રગતિ કરી છે સાયન્સ અને ટેકનોલોજી ક્ષેત્રે ભારતની ગણના વિશ્વના પ્રગતિશીલ અને વિકાસશીલ દેશોમાં થાય છે.

સ્વતંત્ર દિવસના અવસરે આપણે વચન લઈએ કે દેશને પ્રગતિના ઉચ્ચ શિખરે લઈ લઈશું અને સમગ્ર વિશ્વમાં આપણું માથુ ગર્વથી ઊંચુ હશે.

---

યે ગિરતી હૂઈ આબશારેં કહીં – યે દરિયા યે ચશ્મોંકે મંઝર હસીન
યે મૌજેં સમંદર કી હૈં દિલ નશીં – કે જન્નતકા ટુકડા હે મેરા વતન
મુઝે જાં સે પ્યારા હે મેરા વતન
નિઝામે ચમન કે નિગેહબાં જો હો – તો મુન્સિફ ગુલિસ્તાં કે બન કર જીયો
મિટા દો વતનસે ફસાદાત કો – સુકૂન કા હી શૈદા હે મેરા વતન
મુઝે જાં સે પ્યારા હે મેરા વતન
સદા દિલ હે ચાહત મેં જિસકી મગન – જહાં જાઉં રેહતી હે જિસકી લગન
સુલગતી હે યાદોં કી દિલમેં અગન – વો આંખોંકા તારા હે મેરા વતન
મુઝે જાં સે પ્યારા હે મેરા વતન

---

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## કેન્સલ સોદામાં વધારે રકમ પરત આવે તો એને લેવાનો હુકમ

સવાલઃ અમે ૨૦૧૧માં લગભગ હજના ૧૦ મહીના અગાઉ હજ ટૂરમાં લાખ – સવા લાખ એક રા (અઢી લાખ) રૂપિયા ભરેલ હતા, એ વખતે તેના પાસે ઈન્ટરનેશનલ પાસપોર્ટનું લાઈસન્સ ન હતું, જેથી તેને સરકારી વીઝાઓ ના મળી, માટે તેણે પૈસા અમારા પરત કર્યા અને ઉપરથી ૧૫ + ૧૫ હજાર કુલ ૩૦,૦૦૦ રૂા. વધારે અમોને આપ્યા, હવે અમારા જોડીદારોએ એને વધારાનો ચેક પરત કરી દીધો, કારણ કે એ એવું સમજે છે કે વ્યાજના હશે, પણ તે મુસલમાન છે, વ્યાજ જેવું સમજાતુ નથી, હું જાતે ઓફિસે ગયો અને પૂછયું કે ભાઈ તમો કેવા આપો છો ? તો કહે છે કે ખૂશીથી વધારે આપુ છું મેં કહયું અમને ઉમરા કરાવી આપો તો કહે છે ૩૮ હજાર રૂા. થાય બે માણસનો ૭૬ હજાર, મેં કહી દીધુ કે હું એટલા નહીં આપું, હવે તે ૪૦ હજારમાં બે જણને લઈ જવાનું કહે છે.

જવાબ : حامدا مصليا و مسلما

સવાલમાં રજૂ કરેલ સૂરતમાં ટૂર ઓપરેટરે જયારે આપને હજ માટેના સફરની સહૂલત પૂરી ન પાડી, તો હવે એના ઈવઝમાં જે અઢી લાખ રૂપિયા (બે માણસોની હજ અર્થે) લીધા હતા, તે પરત કરવા જરૂરી છે. અને તે અઢી લાખ રૂપિયા તેઓએ આપને ચૂકવણી પેટે આપ્યા, આ ઉપરાંત એક માણસ દીઠ ૧૫૦૦૦ રૂપિયા કિંવા બે માણસોના ૩૦,૦૦૦ રૂપિયા જે વધુ પોતાની રાજી ખુશીથી આપ્યા તે પણ લેવા જાઈઝ છે. જેમકે એક જરૂરતમંદ કર્ઝદાર વ્યકિત કોઈની પાસે કર્ઝ પેટે રકમ લે અને જોગવાઈ થતા મજકૂર જરૂરતમંદ કર્ઝદાર વ્યકિત પોતાની ખૂશીથી કર્ઝ આપનારને કર્ઝ સાથે વધુ રકમ પણ ચૂકવણી કરતા આપે તો કર્ઝ આપનાર માટે પોતે આપેલ કર્ઝથી અધિક રકમ લેવું જોઈઝ છે, બલકે હદીસમાં આવી સારી રીતે ચૂકવણીની પ્રેરણા

આપવામાં આવી છે, એવી જ રીતે આપને પોતે હજ માટે ભરપાઈ કરેલ રકમથી ૩૦,૦૦૦ રૂપિયા વધુ ટૂર ઓપરેટર પોતાની રાજી ખૂશીથી આપી રહયો હતો તો આ વધારાની રકમ તેના તરફથી બખ્શિસ છે જેને લેવું જાઈઝ છે. અને ભરપાઈ કરેલ રકમથી વધુની રકમને વ્યાજ નહીં કહેવાય, કારણ કે વ્યાજની હકીકત અને વ્યાખ્યા એના ઉપર બંધ બેસતી નથી.

*(અલ ફિકહુલ હનફી: ૪/૪૧૦, દુર્રે – શામી: ૪/ ૧૯૬,૧૯૭, અર્રિબા: ૧૨૦ મિશ્કાત)*

ઉપરોકત વિગતથી આ બાબત સ્પષ્ટ થાય છે કે આપનો હક કેવળ આપે જમા કરાવેલ રકમનો છે એથી વિશેષ ટૂર ઓપરેટર પાસેથી આપનો હક નીકળતો નથી. અહિંયા સુધી કે અઢી લાખથી અધિક જે ૩૦ હજાર આપને આપવામાં આવી રહયા છે તે પણ આપનો જરૂરી હક નથી, જો ટૂર ઓપરેટર એને પણ ન આપે, તો આ વિશે તેને ઈખ્તિયાર છે, માટે અઢી લાથી વધુ જે પણ કંઈ આપને આપી રહયા છે, તે તેમના તરફથી બખ્શિસ અને ઈહસાન છે, આપને વિશેષ માંગણીનો ( અઢી લાખથી વધુ) કોઈ હક નથી, માટે આપે મજકૂર બનાવને લઈને દબાણ કરી અન્ય કોઈ માંગણી પોતાનો હક સમજી કરવું શરઈ રીતે જાઈઝ નથી, ટૂર ઓપરેટરે સદર બનાવમાં આપની સાથે કોઈ રમત રમી હશે, ધોકો કર્યો હશે તો તે ગુનેહગાર ઠરશે.

*ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.*

*(તા. ૩૦/ મુહર્રમ ૧૪૩૩ હિજરી – ૨૬ / ૧૨ /૨૦૧૧ ઈસ્વી)*

***મોટા જાનવરમાં સાત કુરબાનીના હિસ્સા રાખવા સહીહ છે.***

સવાલ(૧): આપણા નબી (સલ.) દર વર્ષે કુર્બાની કરતા હતા, આખરી સાલમાં ૬૩ ઉટો પોતાના હાથથી, બાકીના હઝરત અલી (રદિ.)ના હાથે કુરબાની ફરમાવી, ઉમ્મત આજે લાખોની માલિક હોવા છતાં અલગ અલગ ઘરના અને અલગ અલગ કુટુંબોના ૭ વ્યકિતઓ ભેગા થઈ કુરબાની આપે છે, એટલે કે ભાગ આપે છે તો આ રીતે ભાગ આપી કુરબાની કરવી હદીસ, કુર્આન, સહાબા, અઈમ્મએ કિરામથી સાબિત છે, હવાલા સહીત જવાબ આપવા મહેરબાની કરશો.

જવાબ : حامدا مصليا و مسلما

મોટા જાનવરને સાત વ્યકિતઓ (પછી તે એક કુટુંબના હોય કે વિવિધ કુટુંબોના) ભેગા મળી કુર્બાની રૂપે ઝબહ કરી શકે છે, હઝરાતે ફુકહાએ આ

વાતની સ્પષ્ટતા ફરમાવી છે કે મોટું જાનવર સાત વ્યકિતઓની કુર્બાની માટે પુરતું છે અને કુર્બાનીના સાત ભાગો એક મોટા જાનવરમાં નકકી કરી શકાય છે. (દુર્ર– શામીઃ ૯ /૪૫૯ ઉપરથી)

માટે રજૂ કરવામાં આવેલ સ્થિતિમાં એક મોટા જાનવરની સાત વ્યકિતઓ પછી તે એક કુટુંબના હોય કે અલગ અલગ કુટુંબોના, ભેગા મળી કુર્બાની કરી શકે છે, અને આ રીતે કુર્બાની કરવામાં જયાં તેઓનો વાજિબ અદા થઈ જાય છે, ત્યાં સવાબ પણ સંપૂર્ણ મળે છે. હુઝૂર (સલ.) એ હજ વેળાએ ૬૩ જાનવરોને ઝબહ કરી કુર્બાની અદા કરી હતી, તે વાજિબ કુર્બાની સાથે બીજી બધી નફલી કુર્બાની હતી, આ આધારે અલ્લામા નવવી (રહ.) એ લખ્યું છે કે નફલી કુર્બાની કરવી મુસ્તહબ છે, જે તે વિસ્તારમાં ગોશતની જરૂરત હોય અને ત્યાં શકિતશાળી માલદાર વ્યકિતઓ બધાને ગોશત મળી જાય એ આશયે કુર્બાની નફલરૂપે કરવાનો પણ પોતાની હેસીયત મુજબ પ્રબંધ કરવો જોઈએ.

***વતનમાં જરૂરત હોય તો દૂરના સ્થળોએ કુરબાની કરવી મકરૂહ છે.***

સવાલ (૨) : અગર પોતાના ગામમાં ગરીબ માણસો ઈદના દિવસે વેચાતું મટન (ગોશ્ત) લેતા હોય અથવા વગર મટને રહેતા હોય, ત્યાંના સખીદાતાઓ પોતાની કુર્બાનીઓ ગામથી દૂર જેની સાચી માહિતી ન હોય, ત્યાં પોતાનો ભાગ આપી કુર્બાની કરાવે છે, તો શું આ રીતે કુર્બાની જાઈઝ છે ? અમારા જાણવા મુજબ ત્રણ હિસ્સા કરવા મુસ્તહબ છે.

(૧) ગરીબો માટે (૨) સગા – સંબંધીઓ માટે (૩) પોતાના ઘર માટે, તો આ બધાને મહરૂમ રાખવામાં આવે છે તે યોગ્ય દેખાય ખરૂ ?

જવાબ : حامدا مصليا ومسلما

પોતાના ઈલાકામાં જરૂરત હોવા છતાં અન્ય સ્થાને કુર્બાની અદા કરવાથી કુર્બાની કરાહત સાથે અદા થઈ જશે, પરંતુ બેહતર છે કે જયારે પોતાની આબાદીમાં કુર્બાનીની અછત છે, તો તે વિસ્તારના માલદાર લોકોએ પોતાની આબાદીમાં જ કુર્બાની કરવી જોઈએ ( અલ ફિકહુલ ઈસ્લામી વ અદિલ્લતુહૂ: ૩ / ૬૩૦ ઉપરથી) અને કુર્બાનીના ગોશ્ત બાબત મુસ્તહબ રીત આ છે કે તેના ત્રણ ભાગો કરવામાં આવે, જેમાંથી એક ભાગ પોતાના માટે રાખે, એક ભાગનો ગોશ્ત પોતાના સગા – સંબંધીઓમાં વહેંચણી કરી આપે અને ત્રીજો એક ભાગ ગરીબોમાં વહેંચણી કરી આપે (૩ /૬૨૮ ઉપરથી)

## કુરબાનીમાં વધતા – ઘટતા પૈસા માંગવા – પરત કરવાનો હુકમ

સવાલ(૩):અમુક મદ્રસાવાળા પરચામાં લખે છે, તમારા પૈસા ઘટતા હશે તો તમારા પાસેથી વસૂલ કરવામાં આવશે અને વધતા હશે તો ગરીબ છોકરાઓને તકસીમ કરી દઈશું, આ રીતે એક તરફથી શરત યોગ્ય છે ?

જવાબ : حامدا مصليا و مسلما

ઘટવાની સૂરતમાં માંગણી કરવું જરૂરી છે, જેથી કરી પુરતા ભાગની કુર્બાની તમારા તરફથી અદા થઈ જાય અને વધવાની સુરતમાં ગરીબ છોકરાઓ માટે જમા લેવાને લાઝિમ ન કરી લેવામાં આવે, બલકે કુર્બાની કરાવનારને ઈખ્તિયાર આપવામાં આવે કે આપને મંજૂર હોય તો તલબા માટે લિલ્લાહ રૂપે જમા કરી લેવામાં આવશે. (ઝુબ્દતુલ ફતાવા ગુજરાતીઃ ૫ / ૪૨૧ ઉપરથી) ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

(તા. ૨૦/૧૧ /૧૪૩૭ હિજરી)

## દુઆએ મગફિરત

જામિઅહના હમદર્દ અને શુભેચ્છક જનાબ હિફઝુર્રહમાન ભાઈ લાટ, (હાલ અમેરિકા)ના વાલિદહ મોહતરમહ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ.

માંગરોલ, કાઠિયાવાડ ખાતે જામિઅહના હમદર્દ જનાબ હસનભાઈના વાલિદ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.

અલ્લાહ તઆલા મરહૂમીનની મગફિરત ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે.

જામિઅહના આલિમ કલાસના છેલ્લા વરસ દવરએ હદીસના તાલિબે ઈલ્મ જનાબ મોલ્વી આરિફ ખાનપૂરી .. અમુક દિવસની માંદગી બાદ અચાનક પાછલા દિવસોમાં ઈન્તેકાલ કરી ગયા. ઈન્નાલિલ્લાહ. અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. ઈલ્મ અને અમલના રસ્તામાં એમની મોતને જન્નતનો સબબ બનાવે. જામિઅહ પરિવાર એમના વાલિદૈનના ગમમાં શરીક છે. એમના વાલિદ આલિમ બન્યા પછી મરહૂમની હાફિજ પણ બનાવવા ચાહતા હતા. મરહૂમ બેટા માટે વાલિદ સાહેબે આપેલ બધી કુરબાનીઓને દુન્યા આખિરતમાં બદલો આપે અને સમગ્ર ખાનદાનને જન્નત નસીબ ફરમાવે. આમીન.

(૯૬) બોધકથા ..

કહે છે કે સદીઓ પહેલાં અસ્ફહાન નામે શહેરમાં એક મસ્જિદ બાંધવામાં આવી રહી હતી. લગભગ બધું જ કામ પુરું થઈ ગયું હતું. કારીગરો છેલ્લા અમુક નાના કામો પૂરા કરી રહયા હતા.

એવામાં ત્યાંથી એક વૃદ્ધ ઓરત પસાર થઈ. નવી બંધાયેલ મસ્જિદને એ ધ્યાનથી જોવા લાગી. થોડી વાર પછી મીનારા તરફ આંગળી ચીંધીને કહેવા લાગી કે મસ્જિદનો મીનારો મને થોડો ત્રાંસો લાગે છે.

કારીગરો એની વાત સાંભળીને હસવા લાગ્યા.

પણ વડો કારીગર અને ઈજનેર તુરંત એકશનમાં આવી ગયો. કારીગરોને આદેશ કર્યો કે લાંબા મજબૂત વાંસ લાવો અને મજૂરો ભેગા કરો. પછી મજૂરોને આદેશ કર્યો કે વાંસ વડે મીનારાને ધક્કો મારે. આ દરમિયાન ઈજનેર એ વૃદ્ધ ઓરતને પૂછતો રહયો કે મીનારો સીધો થયો કે નહીં. થોડી વારે એ ઘરડી ઓરતે કહયું કે હા, હવે સીધો થઈ ગયો છે. ઈજનેર અને મિસ્ત્રીએ એ ઓરતનો આભાર માન્યો અને ઓરત પણ એને દુઆઓ આપીને રવાના થઈ ગઈ.

વૃદ્ધ ઓરતના ગયા પછી કારીગરોએ ઈજનેરને પૂછયું કે આમ વાંસથી ધક્કો મારવાથી મીનારો સીધો થતો હશે ?

ઈજનેરે એમને જવાબ આપ્યો કે મીનારો ત્રાંસો છે જ નહીં, અને આમ વાંસના ધક્કાથી સીધો થાય પણ નહીં. પણ વાંસના આવા બે ત્રણ ધક્કાથી એક નુકસાનકારક અફવાને જરૂર રોકી શકાય છે. આ વૃદ્ધાને આપણે એમ જ કાઢી મુકત તો એ બેચાર માણસો સામે મીનારો ત્રાંસો હોવાની વાત કરત, અને આ વાત ફેલાય જાય તો પછી લોકોને સીધો મીનારો પણ ત્રાંસો લાગત. આપણે બે ત્રણ ધક્કા વડે મીનારાને હમેંશા માટે સીધો કરી દીધો.

કહાનીનો સાર આ છે કે આપણા વિશે, આપણા કુટુંબ વિશે, આપણા સદકાર્યો અને ખૂબીઓ વિશે કોઈ, બદનામ કરવા હેતુ કોઈ અફવા ફેલાવે તો અફવાને પ્રથમ તબક્કે જ રોકી દેવાનો પ્રયત્ન કરો. ભલે એમાં કોઈ નિરર્થક કામ કરવું પડે કે ઓછો વધતો બિનજરૂરી ખર્ચ કરવો પડે. સારા માણસે સારા હોવા ઉપરાંત સમાજમાં પોતાની સારી છબી બનાવી રાખવી પણ જરૂરી છે.

---

# History and Philosophy of Sacrifice (QUR-BAA-NEE)

The prophet of Allah, Ibrahim (AS) was shown in a dream that he is slaughtering his son Ismail (AS). The prophet's dream is verily true. Consequently, for the compliance of the command of Allah, Ibrahim (AS), departed from Palestine and reached Makkah. When the father informed his son that Allah Almighty has ordered him to slaughter you, then the most obedient son Ismail [peace be upon him] replied saying:

**Ya Abatif'al Maa Tuamar Satazidooni Insha Allahu Minassabireen**

"O my father, do as you have been commanded. You will find me, if Allah wills, among the steadfast." (Al-Saffat: 102). Having been heard the response of the son, Ibrahim (AS) took his son Ismail (AS) to Makkah to slaughter him. In the meantime, the Satan tried to enticehim at three places in Mina, where he stoned the Satan seven times, thereafter, he sank into the earth. Eventually, for the sake of the divine pleasure, Ibrahim (AS) laid the piece of his heart (the most beloved one) face-downed on the ground, sharpened the knife, blind folded his eyes and then he continued to move the knife on the throat of his son, unless it was not heard from Allah the Almighty: "We called to him, "O Ibrahim, You have fulfilled the vision." Indeed, We thus reward the doers of good." (Al-Saffat 104-105).

Thus, in lieu of Ismail (AS), a ram from the heaven was sent down, whom Ibrahim (AS) slaughtered, as Allah, the Almighty, said in the holy Quran, “And We ransomed him with a great sacrifice.” (Al-Saffat: 107). After this incident, animals’ sacrifice for seeking pleasure of Allah, used to be considered as a special worship. By this way, sacrifice of animals has been prescribed every year, for Ummah of the messenger of Allah, Muhammad (PBUH). Above all, it was made an Islamic Ritual. In pursuit of Ibrahim (AS) sacrifice and following the Sunnah of the Prophet Muhammad (PBUH), this series of animals’ sacrifice will continue till the Day of Resurrection, Insha Allah.

## Philosophy Of Animal Sacrifice On Eid

Animal sacrifice is a symbolic act. It is not an end in itself as the prayer or the zakah for example are. It is a means to an end. We must discover the end.

The reason for animal sacrifice on eid is to commemorate a great event which depicts an extraordinary expression of submission to the command of Allah – the essence of Islam. The Prophet Ibrahim (AS) while obeying the Almighty set a platinum example of this submission. When we offer an animal in sacrifice, we actually symbolize our intention that we are ready to sacrifice our lives for the cause of God whenever the need arises.

Another conclusion that can be drawn is that no other act of worship can replace animal sacrifice since

animal sacrifice has a specific significance. It is much like saying that hajj and zakah are not interchangeable since both have their own purpose and importance.

Actually an important thing which hinders our understanding of animal sacrifice is that we think that its primary purpose is to feed the poor and hence the question instantaneously comes to our mind as to why we cannot help the poor in some other more productive way like, for example, providing them with vocational training or sending the younger lot to school. Now what needs to be realized is that feeding the poor is a secondary purpose of animal sacrifice. Its primary purpose as explained above is to symbolize the fact that today we are presenting this animal for sacrifice to God -- tomorrow if a need arises, we will present our life too for the cause of God. So it is primarily this symbolism which must always be looked at when understanding the act of animal sacrifice and not feeding of the poor with the slaughtered animal's meet. Moreover, it is to this reality that the following verse points:

**Lanyanalallaha Luhoomuha Wa-La Dimaooha Wa Lakinyalahuttaqwa Minqum**

The flesh and blood [of] these [sacrificed animals] does not reach God; it is only your piety that reaches Him.

Thus, while helping the poor in various ways is itself a very commendable practice, yet it cannot take the place of animal sacrifice ■ ■ ■ ■ ■

# એ ખાકે વતન !

હમ ખૂન કી કિસ્તેં તો કઈ દે ચુકે લેકિન
એ ખાકે વતન ! કર્ઝ અદા કયૂં નહીં હોતા ?

*(વાલી આસી)*

લહૂ વતન કે શહીદોં કા રંગ લાયા હે
ઉછલ રહા હે ઝમાને મેં નામે આઝાદી
જો રાજ કરતે હેં જમ્હૂરિયત કે પરદે મેં
ઉન્હેં ભી હે સર વ સોદાએ ખામ આઝાદી
યે મહર વ માહ, યે તારે, યે બામે હફ્ત અફલાક
બહુત બુલંદ હે ઉન સે મકામે આઝાદી
હમારે દિલો મેં શોઅલે ભડક રહે હેં ફિરાક
હમારી સાંસ સે રોશન હે નામે આઝાદી

*(ફિરાક ગોરખપૂરી)*

હમ ભી તેરે બેટે હેં ઝરા દેખ હમેં ભી
એ ખાકે વતન તુજ સે શિકાયત નહીં કરતે
વો કોન હેં ? ફૂલોં કી હિફાજત નહીં કરતે
સુનતે હેં જો ખુશ્બૂ સે મુહબ્બત નહીં કરતે
ચેહરે હેં સો રંગ મેં હોતે હેં નુમાયાં
આઈને મગર કોઈ સિયાસત નહીં કરતે

*(ખુરશીદ અકબર)*

વતન કી ખાક સે મર કર ભી હમ કો ઉન્સ બાકી હે
મઝા દામને માદર કા હે ઈસ મિટ્ટી કે દામન મેં

*(ચકબસ્ત બ્રિજ નારાયણ)*